વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર
@dailypulsenews24
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશ.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 18 • Date :- 31-10-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ અંક : ૧૮ તા. ૩૧-૧૦-૨૦૨૫ શુક્રવાર વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- છુટક નકલ : કિંમત રૂા. ૨/- ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

### પ્રાણ પ્રતિષ્ઠા બાદ હવે ધ્વજારોહણ

## રામ મંદિરના શિખર પર મોદી ફરકાવશે ૨૨ ફૂટનો ધર્મ ધ્વજ




અયોધ્યા,

અયોધ્યામાં રામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કાર્યક્રમની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આરએસએસ પ્રમુખ મોહન ભાગવત આ કાર્યક્રમના મુખ્ય અતિથિ હશે અને આગામી ૨૫ નવેમ્બરે રામ મંદિરના શિખર પર ૨૨ ફૂટ લાંબી અને ૧૧ ફૂટ પહોળી ધજા ફરકાવશે. આ સમારોહ પ્રાણ પ્રતિષ્ઠાની જેમ ભવ્ય હશે અને રામ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થવાનું પ્રતીક પણ હશે.

અયોધ્યામાં આ આયોજન માટે ૨૫ નવેમ્બરે વરિષ્ઠ ભાજપ નેતાઓનો જમાવડો જોવા મળશે, જે પાર્ટીના નવા અભિયાનની શરૂઆતનું પ્રતીક પણ હશે. સૂત્રોએ જણાવ્યું કે પીએમ મોદી સૌથી મોટા સ્કાઉટ અને ગાઈડ જમ્બુરી માટે સ્પર્ધકોને આમંત્રિત કરશે જેમાં ૩૫૦૦૦થી વધુ કેડેટોના ભાગ લેવાની આશા છે. તો વિકસિત ઉત્તર પ્રદેશ અભિયાનની સફળતાની સમીક્ષા પણ કરશે, જે માટે અત્યાર સુધી ૫ લાખથી વધુ સૂચન પ્રાપ્ત થયા છે અને જેવરમાં બની રહેલા નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નિરીક્ષણ પણ કરશે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરિ પ્રમાણે વાલ્મીકિ રામાયણમાં વર્ણિત સૂર્ય, ઓમ અને કોવિદાર વૃક્ષના પ્રતીકોવાળો ભગવાન રંગનો ધ્વજ ૨૫ નવેમ્બરે અયોધ્યામાં રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા શિખર પર લાગેલ ૪૨ ફુટ ઊંચા થાંભલા પર ફરકાવવામાં આવશે. ગોવિંદ દેવ ગિરિએ જણાવ્યુ કે પાંચ દિવસીય સમારોહ ૨૧ નવેમ્બરથી શરૂ થશે અને ૨૫ નવેમ્બરે ધ્વજારોહણ સાથે સંપન્ન થશે. રામ મંદિર ટ્રસ્ટે આ આયોજન માટે મહેમાનોની સંખ્યા ૮૦૦૦થી વધી ૧૦,૦૦૦ કરી દીધી છે. રામ મંદિર પરિસરના છ અન્ય મંદિરો અને શેષાવતાર મંદિર પર પણ ધ્વજારોહણ કરવામાં આવશે. આ ભગવાન શિવ, ગણેશ, સૂર્ય, હનુમાન, માતા ભગવતી અને માતા અન્નપૂર્ણાનું મંદિર છે. રામ મંદિર ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાએ જણાવ્યું કે ધ્વજારોહણ સમારોહ દરમિયાન રામ મંદિર સહિત બધી ૮ મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના અને હવન કરવામાં આવશે અને અન્ય અનુષ્ઠાન પણ કરવામાં આવશે. અયોધ્યા અને કાશીના આચાર્ય અનુષ્ઠા સંપન્ન કરાવશે. રામ મંદિરના શિખર પર લાગેલ ધ્વજ-સ્તંભ ૩૬૦ ડિગ્રી ફરનાર બોલ-બેયરિંગ પર આધારિત હશે. તેનાથી તેની ખાતરી થશે કે ધ્વજ ૬૦ કિમી/કલાક સુધીના ઝડપી પવન સહન કરી શકે અને આંધી-તોફાનમાં કોઈ નુકસાન ન થાય. ધ્વજના કપડાની ગુણવત્તા અને તેની આંધી-તોફાનમાં સહન ક્ષમતાની તપાસ કરાવવામાં આવી રહી છે. ધ્વજ તૈયાર કરનારી એજન્સી ૨૮ ઓક્ટોબરે ભવન નિર્માણ સમિતિની બેઠકમાં ટેસ્ટ રિપોર્ટ રજૂ કરશે. તેના આધાર પર ધ્વજ માટે કપડાની પસંદગી કરવામાં આવશે.

### બિહારની સફળતા બાદ ચૂંટણી પંચનો મોટો નિર્ણય

## દેશભરના વધુ ૧૨ રાજ્યોમાં SIR નો બીજો તબક્કો શરૂ થશે




નવી દિલ્હી,

ચૂંટણી પંચ (Election Commission of India) દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ના બીજા તબક્કાની મોટી જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે બિહારમાં ૭૫ મિલિયન (૭.૫ કરોડ) મતદારોની ભાગીદારી સાથે SIR ના સફળ અમલ પછી, હવે દેશભરના ૧૨ પસંદગીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માં આ સુધારણા પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. SIR નો મુખ્ય ઉદ્દેશ્ય પાત્ર મતદારોને ઉમેરવાનો અને અયોગ્ય કે ડુપ્લિકેટ નામોને યાદીમાંથી દૂર કરવાનો છે. આ અભિયાન માટે આજે (આજ રાત ૧૨ વાગ્યાથી) મતદાર યાદીઓ ફ્રીઝ કરવામાં આવશે અને BLO (બૂથ લેવલ ઓફિસર) દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે, જેમાં પ્રથમ તબક્કામાં કોઈ દસ્તાવેજની જરૂર નહીં પડે.

દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે છઠના શુભ અવસરે બિહારના ૭૫ મિલિયન (૭.૫ કરોડ) મતદારોનો આ પ્રક્રિયાને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. બિહારમાં SIR ના સફળ અનુભવની ચર્ચા તમામ ૩૬ રાજ્ય ચૂંટણી કમિશનરો સાથેની બેઠકોમાં કરવામાં આવી હતી, જેના આધારે હવે SIR નો બીજો તબક્કો દેશભરમાં વિસ્તૃત કરવામાં આવી રહ્યો છે. આ પહેલનો હેતુ છેલ્લી વખત ૨૧ વર્ષ પહેલાં હાથ ધરાયેલા સઘન સુધારા પછી મતદાર યાદીમાં જરૂરી ફેરફારો લાવવાનો છે, કારણ કે ૧૯૫૧ થી ૨૦૦૪ દરમિયાન આઠ વખત સુધારા થયા હોવા છતાં રાજકીય પક્ષો દ્વારા ખામીઓની ફરિયાદો ઊઠી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જાહેરાત કરી કે SIR નો બીજો તબક્કો ૧૨ પસંદગીના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માં શરૂ થશે. આ ઝુંબેશ માટે, જે રાજ્યોમાં સુધારણાનું આયોજન છે, ત્યાંની મતદાર યાદીઓ આજે (તાત્કાલિક અસરથી) રાત્રે ૧૨ વાગ્યે ફ્રીઝ કરવામાં આવશે. આ પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે, દરેક મતદાન મથક પર એક BLO અને દરેક વિધાનસભા મતવિસ્તાર માં એક ERO (ચૂંટણી નોંધણી અધિકારી) તૈનાત કરવામાં આવશે. આજે બધા મતદારો માટે ગણતરી ફોર્મ (EF) છાપવામાં આવશે.

બીજા તબક્કામાં, ચૂંટણી પંચ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR ચલાવી રહ્યું છે. આ ૧૨ રાજ્યોમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, ગોવા, પુડુચેરી, છત્તીસગઢ, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે.

BLO ની ૩ વખતની ગૃહ મુલાકાતઃ દસ્તાવેજ વિના નોંધણી

૩ વખતની મુલાકાતઃ દરેક BLO માહિતી એકત્રિત કરવા માટે દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે. આ મુલાકાતો દરમિયાન, BLO મતદારો સાથે મુલાકાત કરશે, યાદીમાં તેમના નામની પુષ્ટિ કરશે અને તેમને મતદાર સમાવેશ ફોર્મ પ્રદાન કરશે.

ઓનલાઈન વિકલ્પઃ જે મતદારો તેમના મતવિસ્તારની બહાર રહે છે અથવા દિવસ દરમિયાન ઑફિસમાં હાજર હોય છે, તેઓ પણ આ ફોર્મ ઓનલાઈન ભરી શકશે.

દસ્તાવેજોની જરૂર નથીઃ પ્રથમ તબક્કામાં, મતદારોએ નવી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે કોઈ વધારાના દસ્તાવેજો કે ફોર્મ સબમિટ કરવાની જરૂર રહેશે નહીં.

મતદાર યાદી સુધારણાની ૩ તબક્કાની પ્રક્રિયા

પ્રથમ તબક્કોઃ ૨૦૦૩ ની યાદી સાથે જોડાણઃ આ તબક્કામાં મતદારોના નામ ૨૦૦૩ ની મતદાર યાદી સાથે જોડવામાં આવશે. મતદારોએ ફક્ત એ જણાવવાની જરૂર પડશે કે તેમનું નામ ૨૦૦૩ ની યાદીમાં ક્યાં હતું, અથવા તેમના માતા-પિતાના નામ શામેલ હતા કે નહીં. બધા રાજ્યો માટે ૨૦૦૩ ની મતદાર યાદી ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

બીજો તબક્કોઃ દસ્તાવેજો સાથે નોંધણીઃ જેમના નામ ૨૦૦૩ ની યાદી સાથે જોડી શકાયા નથી, તેમને બીજા તબક્કામાં ઉમેરવામાં આવશે. આ તબક્કા દરમિયાન, ચૂંટણી પંચ એવા લોકોને નોટિસ જારી કરશે, અને મતદારોએ આધાર કાર્ડ સહિત સંબંધિત દસ્તાવેજો પ્રદાન કરવા પડશે, અને ૨૦૦૩ માં તેમના માતાપિતા ક્યાં હતા તે પણ જાહેર કરવું પડશે.

### તમને છૂટ તો ભારત સામે વાંધો કેમ..?

## જર્મની-યુકેની બોલતી બંધ કરી કેન્દ્રીય વાણિજ્યમંત્રી ગોયલે



નવી દિલ્હી,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે (૨૪ ઑક્ટોબર) પશ્ચિમી દેશો પર આકરા પ્રહારો કર્યા હતા અને પૂછ્યું હતું કે, જ્યારે યુરોપિયન દેશો પોતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે યુએસ પ્રતિબંધોમાંથી મુક્તિ માંગી રહ્યા છે ત્યારે ભારતને કેમ નિશાન બનાવવામાં આવી રહ્યું છે. બર્લિન ગ્લોબલ ડાયલોગ કોન્ફરન્સમાં યુકેના વેપાર મંત્રી ક્રિસ બ્રાયન્ટ સાથેની ચર્ચા દરમિયાન, ગોયલે એવા પ્રશ્નો પૂછ્યા જેનાથી નેતાઓની બોલતી બંધ થઈ ગઈ હતી. જ્યારે યુરોપિયન દેશો પોતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે યુએસ પ્રતિબંધોમાંથી મુક્તિ માંગી રહ્યા છે ત્યારે ભારતને કેમ નિશાન બનાવવામાં આવી રહ્યું છે ગોયલે કહ્યું કે, "મેં આજના સમાચારપત્રમાં વાંચ્યું કે જર્મની અમેરિકન પ્રતિબંધોમાંથી તેલ માટે મુક્તિ માંગી રહ્યું છે. બ્રિટનને પહેલાથી જ મુક્તિ મળી ચૂકી છે. તો ભારતને શા માટે નિશાન બનાવવામાં આવી રહ્યું છે?"

બ્રિટિશ મંત્રી બ્રાયન્ટે આ મુદ્દે જવાબ આપ્યો, "ના, ના, તેમના દેશને મળતી અમેરિકન છૂટ ફક્ત રૉસનેફ્ટની એક વિશેષ પેટાકંપની માટે છે. આટલું સાંભળતા જ ગોયલે તુરંત વળતો પ્રહાર કરતાં કહ્યું કે, અમારી પાસે પણ તો રૉસનેફ્ટની એક પેટાકંપની છે... તો ભારત કેમ...!" પછી શું... મંત્રીની બોલતી બંધ થઈ ગઈ.ગોયલની ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે અમેરિકા અને તેના સાથી દેશો ભારત પર રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદવા સામે વિરોધ નોંધાવતા દબાણ વધારી રહ્યા છે. ગયા મહિને, ટ્રમ્પ વહીવટીતંત્રે કેટલાક ભારતીય ઉત્પાદનો પર વધારાના ટેરિફ લાદ્યા હતા, જેના કારણે કુલ ટેરિફ લગભગ ૫૦ ટકા થઈ ગયા હતા. નવી દિલ્હીએ આ ટેરિફને "અયોગ્ય, અન્યાયી અને અવ્યવહારુ" ગણાવ્યા છે.

ટ્રમ્પ વહીવટીતંત્રની દલીલ છે કે, ભારત જેવા દેશો પર દબાણ કરવાથી રશિયા આર્થિક રીતે નબળું પડશે અને તેને યુક્રેન યુદ્ધનો અંત લાવવા દબાણ કરવામાં આવશે. આ દરમિયાન, યુરોપિયન સંઘે (EU) તાજેતરમાં રશિયન સૈન્ય સાથેના કથિત સંબંધો માટે ત્રણ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા હતા. વધુમાં, અમેરિકાએ ગયા અઠવાડિયે રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ રોઝનેફ્ટ અને લુકોઈલ પર પ્રતિબંધો લાદ્યા હતા.

પીયુષ ગોયલે ભારતની સ્વતંત્ર વેપાર નીતિ પર ભાર મૂકતા કહ્યું કે, અમે ક્યારેય સમયમર્યાદા કે માથા પર બંદૂક તાકીને વેપાર કરાર કરતા નથી. જો કોઈ ટેરિફ લાદે છે, તો તેમને તેમ કરવા દો. અમે નવા બજારો શોધી રહ્યા છીએ, સ્થાનિક માંગને મજબૂત બનાવી રહ્યા છીએ અને લાંબા ગાળાની સ્થિતિ સ્થાપકતા બનાવી રહ્યા છીએ. ભારતની આર્થિક વ્યૂહરચનાનો હેતુ આગામી ૨૦-૨૫ વર્ષમાં ૩૦ ટ્રિલિયન ડૉલર અર્થતંત્ર બનવાનો છે. અમે ભવિષ્યને ધ્યાનમાં રાખીને વાટાઘાટો કરીએ છીએ. ભારત માટે જે પણ શ્રેષ્ઠ સોદો હશે તે અમે કરીશું. ભારતની આર્થિક વ્યૂહનીતિનો હેતુ આવતા ૨૦-૨૫ વર્ષોમાં ૩૦ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનવાનો છે. અમે ભવિષ્યને ધ્યાનમાં રાખીને વાટાઘાટો કરીએ છીએ. ભારત માટે જે સૌથી સારો કરાર હશે અમે તે જ કરીશું.

### CM ફડણવીસનો કાર્યવાહીનો આદેશ

## મહિલા ડોક્ટર આપઘાત કેસઃ આખા મહારાષ્ટ્રમાં ચકચાર



મુંબઈ,

સાતારાના મહિલા ડોક્ટર આત્મહત્યા કેસમાં પોલીસે પીજીના માલિક પ્રશાંત બનકરની ધરપકડ કરી લીધી છે. ધરપકડ બાદ પોલીસ આરોપીને મેડિકલ ટેસ્ટ માટે હોસ્પિટલ લઈ જઈ રહી છે. મહિલા ડોક્ટરે સુસાઈડ નોટમાં પ્રશાંત અને કેટલાક પોલીસકર્મીઓ પર ગંભીર આરોપો લગાવ્યા હતા, જે બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, સાતારામાં મહિલા ડોક્ટર આત્મહત્યા કેસમાં પોલીસે મુખ્ય આરોપી પ્રશાંત બનકરની આજે સવારે ૪ વાગ્યે પુણેના એક ફાર્મહાઉસમાંથી ધરપકડ કરી લીધી છે. હવે તેને ફલટણ શહેર પોલીસ સ્ટેશન લાવવામાં આવી રહ્યો છે, જ્યાં પોલીસ આરોપીનું મેડિકલ ચેકઅપ કરાવશે અને પછી તેની પૂછપરછ કરશે.

ત્યારબાદ આરોપીને બપોરે ફલટણ કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જ્યાં પોલીસ આરોપીની કસ્ટડીની માગણી કરશે, જેથી તેની પૂછપરછ થઈ શકે. નોંધનીય છે કે, મહિલા ડોક્ટર આપઘાત કેસથી આખા મહારાષ્ટ્રમાં ચકચાર મચી ગયો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ કેસની ઝડપથી તપાસ કરવાના આદેશ આપ્યા છે. તો સુસાઈડ નોટમાં જે પોલીસકર્મીનું નામ લખવામાં આવ્યું છે, તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે, આ કેસમાં બીજો ફરાર આરોપી જૈં ગોપાલ બદનેની લોકેશન પંઢરપુર હોવાની પોલીસને માહિતી મળી છે. પોલીસને શંકા છે કે તે પંઢરપુરથી પોતાના ગામ બીડ જઈ રહ્યો છે. આ ઉપરાંત, પંઢરપુરમાં તેના છુપાયેલા હોવાની માહિતીને આધારે પોલીસે એક ધર્મશાળામાં દરોડો પાડ્યો હતો. સુસાઈડ નોટના આધારે સાતારા પોલીસેં જૈં ગોપાલ બદને અને પ્રશાંત બનકર વિરુદ્ધ દુષ્કર્મ અને આપઘાત માટે મજબૂર કરવાનો કેસ નોંધ્યો હતો, જે બાદ શુક્રવારે પ્રશાંતની ધરપકડ કરવામાં આવી છે, જ્યારેં જૈં ગોપાલ બદને હજુ પણ ફરાર છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ડોક્ટર લાંબા સમયથી માનસિક તણાવમાં હતી. પ્રશાંત દ્વારા વારંવાર આપવામાં આવતી ધમકીઓ અને પોલીસકર્મીઓની સંડોવણીએ તેને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી. આ દરમિયાન, મહિલા ડોક્ટરના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે તેના પર ખોટો પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કરવા માટે રાજકીય અને પોલીસનું દબાણ હતું. પરિવારના એક સભ્યએ જણાવ્યું, ખોટો પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કરવા માટે તેના પર પોલીસ અને રાજકીય દબાણ ખૂબ હતું. તેણે આની ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેને ન્યાય મળવો જોઈએ.મૃતકના પિતરાઈ ભાઈએ જણાવ્યું, ગયા વર્ષે તેના પર પોલીસ અને રાજકીય દબાણ ખૂબ હતું. તેના પર ખોટો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બનાવવાનું દબાણ કરવામાં આવી રહ્યું હતું. તેણે ફરિયાદ માટે ડીસીપીને પત્ર લખ્યો હતો, પરંતુ તેમણે કંઈ કર્યું નહીં.પોલીસને ગુરુવારે રાત્રે એક હોટલના રૂમમાંથી એક મહિલા ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ ફલટણની એક સરકારી હોસ્પિટલમાં કામ કરતી ૨૮ વર્ષની મહિલા ડોક્ટર તરીકે થઈ હતી. પોલીસને ડોક્ટરના હાથ પર લખેલી સુસાઈડ નોટ પણ મળી હતી.

ડોક્ટરે તેની સુસાઈડ નોટમાં પીએસઆઈ ગોપાલ બદને પર પાંચ મહિનામાં કેટલીય વખત દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો હતો અને પ્રશાંત બનકર પર માનસિક રીતે હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો.મહિલા ડોક્ટરે તેની સુસાઈડ નોંટમાં ખુલાસો કર્યો હતો કે, પ્રશાંત બનકરે તેનું માનસિક શોષણ કર્યું હતું અને કેટલીય વખત રૂમ ખાલી કરવાની ધમકી પણ આપી હતી. આ ઉપરાંત, ડોક્ટરે કેટલાક પોલીસકર્મીઓ પર દુષ્કર્મના આરોપો લગાવ્યા હતા. તપાસમાં સામે આવ્યું છે કે પ્રશાંતના આ પોલીસકર્મીઓ સાથે નજીકના સંબંધો હતા અને તેઓ ભેગા મળીને મહિલા ડોક્ટર પર દબાણ બનાવી રહ્યા હતા.

### અબ્દુલ્લાએ કહ્યું અમારામાં કોઈએ ક્રોસ વોટિંગ નથી કર્યું

## ૨૮ ધારાસભ્ય ધરાવતી ભાજપને ૩૨ વોટ કેવી રીતે મળ્યા?

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરની ચાર રાજ્યસભા બેઠકોની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે, જેમાં નેશનલ કોન્ફરન્સને ત્રણ અને બીજેપીને એક બેઠક મળી છે. બીજેપીની આ જીત બાદ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આશ્ચર્ય વ્યક્ત કર્યું કે તેમના ઉમેદવારને ચાર વધારાના મત કેવી રીતે મળ્યા! તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અમારી પાર્ટીના કોઈ પણ ધારાસભ્યએ ક્રોસ વોટિંગ કર્યું નથી. તેથી, આ ચાર વધારાના વોટ ક્યાંથી આવ્યા તે મોટો પ્રશ્ન છે. ઓમર અબ્દુલ્લાએ ઠ પર પોસ્ટ કરીને જણાવ્યું કે, નેશનલ કોન્ફરન્સના બધા જ વોટ સુરક્ષિત રહ્યા, કારણ કે અમારા એજન્ટે દરેક મતપત્રક (સ્લિપ) ચકાસી લીધું હતું. તો પ્રશ્ન એ થાય કે તે કયા ધારાસભ્યો હતા જેમણે જાણી જોઈને ખોટો વરિષ્ઠતા ક્રમાંક (preference number) આપીને પોતાના વોટ રદ કરાવ્યા?"

આગળ, ઓમર અબ્દુલ્લા પડકાર ફેંકતા કહ્યું કે, અમને વોટ આપવાનું વચન આપ્યા બાદ બીજેપીને મદદ કરી હોવાની વાત સ્વીકારવાની હિંમત શું તેઓ કરી શકશે? બીજેપીની 'સિક્રેટ ટીમ'નો કોઈ સભ્ય પોતાનો અંતરાત્મા વેચ્યાની કબૂલાત કરે છે કે નહીં, તે જોવાનું રહે છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં બીજેપી પાસે ૨૮ ધારાસભ્યોનું સંખ્યાબળ છે, તેમ છતાં તેમના ઉમેદવાર સત શર્માને ૩૨ વોટ મળ્યા, જે તેમના સંખ્યાબળ કરતાં ચાર વધારે છે. ઓમર અબ્દુલ્લાનો પ્રશ્ન મુખ્યત્વે આ ચાર વધારાના વોટ વિશે છે. જમ્મુ અને કાશ્મીરની ચાર બેઠકો માટે યોજાયેલી ચૂંટણી માટે ત્રણ અલગ-અલગ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા હતા. પ્રથમ નોટિફિકેશનમાં નેશનલ કોન્ફરન્સના ચૌધરી મોહમ્મદ રમઝાન સામે બીજેપીના અલી મોહમ્મદ મીર સ્પર્ધામાં હતા, જેમાં નેશનલ કોન્ફરન્સના ઉમેદવારને ૫૮ વોટ મળ્યા જ્યારે બીજેપીના ઉમેદવારને તેમના સંખ્યાબળ મુજબ માત્ર ૨૮ વોટ જ મળી શક્યા. બીજી બેઠક પર નેશનલ કોન્ફરન્સના સજ્જાદ કિચલૂનો સીધો મુકાબલો બીજેપીના રાકેશ મહાજન સામે હતો. કિચલૂને ૫૭ વોટ મળ્યા અને એક વોટ રદ થયો.

તંત્રી લેખ

## આર્થિક પ્રગતિના સંકેત

તહેવારોને કારણે બજારમાં ભીડ દેખાઈ રહી છે. જો આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (ૈંસ્હ્લ), જેના પર પશ્ચિમી મહાશક્તિઓનું પ્રભુત્વ છે અને હિઝ માસ્ટર્સ વોઈસ જેમ એ એક વાજિંત્ર જેમ વર્તે છે ત્યારે આ સંસ્થાએ હમણાં ભારત વિશે અભિવ્યક્ત કરેલી ઊંચી ધારણાઓ દેશ માટે આ તહેવારોમાં એક વિશિષ્ટ ઉપહાર છે. આઈએમએફ હવે ભારતના વિકાસ દરનો અંદાજ વધારે છે, તો આપણે તેને આપણા અર્થતંત્રની મજબૂતી તરીકે જોઈ શકીએ છીએ. ૈંસ્હ્લએ સન ૨૦૨૫-૨૬ માટે ભારત માટે વૃદ્ધિનો અંદાજ વધારીને ૬.૬ ટકા કર્યો છે. આ નવીનતમ અપડેટ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થ વ્યવસ્થાઓમાંની એક તરીકે દેશની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. હકીકતમાં, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે સ્થિતિસ્થાપક સ્થાનિક વપરાશ, મજબૂત સેવા નિકાસ અને સ્થિર જાહેર રોકાણને ધ્યાનમાં રાખીને આ સુધારો કર્યો છે. યુએસ પ્રમુખ ટ્રમ્પના મનસ્વી અને ભારે ટેરિફથી ભારતીય અર્થતંત્ર પર કોઈ મોટી નકારાત્મક અસર થતી નથી એની આ એક વધુ પ્રતીતિ છે.પરંતુ આ આશાવાદ હોવા છતાં, આપણે અનિશ્ચિત વૈશ્વિક પરિદ્રશ્યની વાસ્તવિકતા પ્રત્યે પણ સભાન રહેવું જોઈએ. આમાં વેપાર વિક્ષેપો, યુએસ ટેરિફ વધારો અને કડક નાણાંકીય પરિસ્થિતિઓ જેવા પરિબળો સામેલ હોઈ શકે છે, જે બધા ભારતના આર્થિક વિકાસને સીધી કે આડકતરી રીતે અસર કરી શકે છે. ભારતના અર્થતંત્રમાં ૈંસ્હ્લનો વિશ્વાસ અલબત્ત મજબૂત ભારતીય સ્થાનિક બજાર, રાજકોષીય શિસ્ત અને ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા વધારવાના હેતુથી લેવામાં આવેલા સુધારાના પગલાં દ્વારા પ્રેરિત છે. બીજી બાજુ, સરકાર દ્વારા માળખાગત સુવિધાઓ પર ખર્ચ, ડિજિટલ પરિવર્તનને પ્રોત્સાહન અને વધુ સારા કર સંપાદનથી મેક્રોઈકોનોમિક ફંડામેન્ટલ્સ મજબૂત થયા છે. જોકે, નિકાસ, ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્ર, સ્વહિત રક્ષણવાદી નીતિઓ અને નબળી વૈશ્વિક માંગને કારણે સંવેદનશીલ રહે છે.

બીજી બાજુ, ચીન ધીમું પડી રહ્યું છે અને પશ્ચિમી અર્થતંત્રો પોતપોતાની પુરવઠા શૃંખલાઓને ફરીથી સંતુલિત કરી રહ્યા છે, ભારત પડકારો અને તકો બંનેનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ભારત માટે વૈશ્વિક વેપારમાં સંતુલન જાળવી રાખીને આત્મનિર્ભરતા તરફ આગળ વધવું મહત્ત્વપૂર્ણ છે. એમાં કોઈ શંકા નથી કે કેન્દ્ર સરકારે અર્થતંત્રના વર્તમાન પડકારને સમજીને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને એક ચળવળના રૂપમાં જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકાર આ ઝુંબેશ હેઠળ ઉત્પાદન પર નોંધપાત્ર ભાર મૂકી રહી છે, જેમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો, સેમીકન્ડક્ટર અને ગ્રીન ટેકનોલોજી માટે લક્ષિત અગ્રતાક્રમોને પ્રોત્સાહન આપવા પર પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જોકે, સરકારે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે ટૂંકા ગાળાનાં લક્ષ્યો કરતાં લાંબા ગાળાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે. આ માટે શ્રમ બજારમાં સુધારા, જમીન સંપાદન અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવાની જરૂર છે. આ ક્ષેત્રોમાં ગહન માળખાકીય સુધારાની જરૂર પડશે. બીજી બાજુ, ફુગાવાને નિયંત્રિત કરવો એ પણ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ. વધતા જતા ફુગાવાથી લોકોની ખરીદ શક્તિ પર અસર પડે છે, જેનાથી ડિમાન્ડ અને પુરવઠા વચ્ચેનું સંતુલન ખોરવાઈ જાય છે. કૃષિ ઉત્પાદકતા અને રોજગાર સર્જનને પણ નીતિ કાર્યસૂચિના કેન્દ્રમાં રાખવું જોઈએ. ભારતની આજે આર્થિક સફળતાની વાર્તા આપણા સાવધ આત્મવિશ્વાસનું પરિણામ છે. દેશના સ્થાનિક અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાએ તેને ઘણા બાહ્ય આંચકાઓથી સુરક્ષિત રાખ્યું છે. જોકે, આત્મસંતુષ્ટિ આ ફાયદાને નબળી પાડી શકે છે.લાંબા ગાળાના ટકાઉપણા માટે, ભારત સરકારે રાજકોષીય સમજદારી જાળવી રાખવી જોઈએ, અને સાથે સાથે માનવ મૂડી, ઉત્પાદકતા અને નવીનતામાં રોકાણ વધારવું જોઈએ. બીજી બાજુ, ચીન ધીમું પડી રહ્યું છે અને પશ્ચિમી અર્થતંત્રો પોતપોતાની પુરવઠા શૃંખલાઓને ફરીથી સંતુલિત કરી રહ્યા છે, ભારત પડકારો અને તકો બંનેનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ભારત માટે વૈશ્વિક વેપારમાં સંતુલન જાળવી રાખીને આત્મનિર્ભરતા તરફ આગળ વધવું મહત્ત્વપૂર્ણ છે. એમાં કોઈ શંકા નથી કે કેન્દ્ર સરકારે અર્થતંત્રના વર્તમાન પડકારને સમજીને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને એક ચળવળના રૂપમાં જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકાર આ ઝુંબેશ હેઠળ ઉત્પાદન પર નોંધપાત્ર ભાર મૂકી રહી છે. જેમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો, સેમીકન્ડક્ટર અને ગ્રીન ટેકનોલોજી માટે લક્ષિત અગ્રતાક્રમોને પ્રોત્સાહન આપવા પર પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જોકે, સરકારે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે ટૂંકા ગાળાનાં લક્ષ્યો કરતાં લાંબા ગાળાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે. આપણો વિકાસ ફક્ત ત્યારે જ અર્થપૂર્ણ બનશે જો તે સર્વસમાવેશક હોય, દેશના લાખો ગરીબ લોકોને ઉત્થાન આપવામાં સક્ષમ હોય, અને ફક્ત આંકડાકીય સૂચકાંકોને વેગ આપવા માટે નહીં. આપણી આર્થિક યાત્રામાં સતત સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે, દેશે આર્થિક સુધારાનો માર્ગ પસંદ કરવો પડશે. અત્યારે દરેક દેશ પોતાનાં બારી-બારણાં ઊઘાડતા ડરે છે એવા સંજોગોમાં સાવ નવા જ ઈનોવેટિવ સ્વરૂપના આર્થિક ઉદારીકરણની જરૂર પડશે. જેને ખરેખર ટેક્સ રિફોર્મ કહેવામાં આવે છે એનાથી તો કેન્દ્ર સરકાર સો કદમ દૂર છે. સરકારનાં હાલનાં મહત્ પગલાઓનો હેતુ જનમનરંજન અને પોતાની લોકપ્રિયતાને ટકાવવાનો જ માત્ર છે. અઘરા પણ અનિવાર્ય પગલા લેતા સરકાર ડરે છે એ આપણા અર્થકારણની અત્યારે સૌથી મોટી મર્યાદા છે.

નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મચાડોનું મોટું નિવેદન

# ભારત એક મહાન લોકશાહી દેશ, ગાંધીજીએ ઘણું શીખવ્યું

### મહાત્મા ગાંધીએ બતાવ્યું કે શાંતિ નબળાઈ નથી : મચાડો



વેનેઝુએલા,

વેનેઝુએલામાં લોકશાહી માટે બે દાયકાથી લડતા અને ૨૦૨૫ના નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરીના મચાડોએ ભારતને મહાન લોકશાહી દેશ અને દુનિયા માટે એક ઉદાહરણ ગણાવી તેની સરાહના કરી છે. છેલ્લા ૧૫ મહિનાથી ગુપ્ત સ્થળે રહેલા મચાડોએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, ભારત એક મહાન લોકશાહી દેશ છે. આખી દુનિયા તમને જુએ છે. આ માત્ર એક સિદ્ધિ નહીં, પણ એક જવાબદારી પણ છે. લોકશાહીને હંમેશા મજબૂત કરવી જોઈએ અને ક્યારેય હળવાશથી ન લેવી જોઈએ. હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવા માગું છું અને મને આશા છે કે હું બહુ જલ્દી એક સ્વતંત્ર વેનેઝુએલામાં પીએમ મોદીની મહેમાનગતિ કરી શકીશ.''

ભારત પ્રત્યે સન્માન વ્યક્ત કરતાં મચાડોએ કહ્યું કે, હું ભારતના વખાણ દિલથી કરું છું. મારી પુત્રી થોડા મહિના પહેલા ભારત ગઈ હતી અને તેને ભારત દેશ ખૂબ જ ગમ્યો. મારા ઘણા વેનેઝુએલન મિત્રો ભારતમાં રહે છે. હું ભારતીય રાજકારણને પણ નજીકથી ફોલો કરું છું. તેમજ મહાત્મા ગાંધીના અહિંસક સંઘર્ષમાંથી મને પ્રેરણા મળે છે. શાંતિપૂર્ણ હોવું એ નબળાઈ નથી. ગાંધીજીએ આખી માનવતાને એ શીખવ્યું કે અહિંસામાં કેટલી તાકાત હોય છે. વર્ષ ૨૦૨૪ની વેનેઝુએલાની રાષ્ટ્રપતિ ચૂંટણીઓ વિશે વિસ્તૃત વાત કરતાં મચાડોએ એવો દાવો કર્યો કે સરકારે વિપક્ષની જીત ચોરી લીધી હતી. તેમણે જણાવ્યું કે, ૨૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ અમે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જંગી બહુમતી મેળવીને જીત હાંસલ કરી હતી. જોકે, મને વિપક્ષના ઉમેદવાર તરીકે ૯૩% વોટથી પસંદ કરવામાં આવી હોવા છતાં, શાસને મને ચૂંટણી લડતા રોકી દીધી. પરિણામે, એક પ્રમાણિક અને સાહસી રાજદ્વારીએ મારી જગ્યાએ ઉમેદવાર બનવાની જવાબદારી લીધી અને અમે ૭૦% વોટથી જીત નોંધાવી. મચાડોએ વધુમાં કહ્યું કે, મારી પાસે ૮૫% મૂળ મતદાન સ્લિપનો રેકોર્ડ પણ ઉપલબ્ધ છે. મચાડોએ આરોપ લગાવ્યો કે, રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ સત્તા છોડવાના પ્રસ્તાવને ઠુકરાવીને ઈતિહાસના સૌથી ભીષણ દમનની લહેર શરુ કરી દીધી. હજારો નિર્દોષ વેનેઝુએલન ગાયબ કરી દેવાયા. મહિલાઓ અને બાળકો પર અત્યાચાર થયો, તેમને એટલો ત્રાસ આપવામાં આવ્યો કે આખરે મારી નાખવામાં આવ્યા. મારિયા કોરીના મચાડો વેનેઝુએલાની મુખ્ય વિપક્ષી નેતા અને રાજકીય કાર્યકર્તા છે. તેમને ૨૦૨૫નો નોબેલ શાંતિ પુરસ્કાર તેમના અહિંસક લોકશાહી સંઘર્ષ માટે આપવામાં આવ્યો છે. મચાડો છેલ્લા દોઢ વર્ષથી માદુરો સરકારના દમનને કારણે છુપાઈને જીવન જીવી રહ્યા છે, પરંતુ તેમનું આંદોલન હજુ પણ ચાલુ છે.

૭.૫ ક્વિન્ટલ ડુંગળીના ૬૬૪ રૂપિયા મળ્યા

# ખેડૂતની દુર્દશા! ૬૬ હજારનો ખર્ચ કરી ડુંગળી ઉગાડી, મળ્યા માત્ર ૬૬૪ રૂપિયા




પુણે,

મહારાષ્ટ્રના પુણેમાં એક ખેડૂત માટે ડુંગળીનું ઉત્પાદન મુશ્કેલી લાવ્યું. તેણે એક એકર જમીનમાં ડુંગળીની ખેતી કરી હતી, જેના પર ૬૬ હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. વરસાદને કારણે સુદમ ઈંગલે નામના આ ખેડૂતનો ઘણો પાક બરબાદ થઈ ગયો હતો. પરંતુ ખેડૂતો મહામહેનતે પોતાનો કેટલોક પાક બચાવી લીધો હતો. આ ડુંગળી વેચવા માટે ખેડૂત માર્કેટમાં પહોંચ્યો હતો. ખેડૂતો ડુંગળીના પેકેજિંગમાં ૧૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ કર્યો હતો. પરંતુ તેને ૭.૫ ક્વિન્ટલ ડુંગળીના માત્ર ૬૬૪ રૂપિયા મળ્યા.ખેડૂત કહે છે કે તેની પાસે હજુ પણ વધુ ડુંગળી બાકી છે, પરંતુ તેને વેચવાને બદલે, તે તેને ખાતરમાં રૂપાંતરિત કરશે ખેડૂત કહે છે કે તેની પાસે હજુ પણ વધુ ડુંગળી બાકી છે, પરંતુ તેને વેચવાને બદલે, તે તેને ખાતરમાં રૂપાંતરિત કરશે અને આવતા વર્ષે વેચશે. સુદમ ઈંગલેએ સમજાવ્યું કે ખાતર વેચવાથી વધુ નફો થશે. ઈંગલેએ કહ્યું, "હું પ્રમાણમાં મોટો ખેડૂત છું. ઘણા નાના ખેડૂતો જેમની પાસે ફક્ત ૧ કે ૨ એકર જમીન છે, તેમણે ખેતી માટે લોન લીધી છે. આટલા બધા નુકસાન પછી તેઓ કેવી રીતે જીવશે? જો સરકાર કંઈ નહીં કરે, તો ખેડૂતોની આત્મહત્યા વધશે." એ નોંધવું જોઈએ કે મહારાષ્ટ્રમાં, માત્ર ડુંગળી જ નહીં પરંતુ બટાકા, દાડમ અને ટામેટાં જેવા પાકને પણ નોંધપાત્ર નુકસાન થયું છે.

દિવાળી પહેલા કમાણી ન થવાને કારણે ઘણા લોકો આ તહેવાર ઉજવી શકતા નથી. નાસિકના એક APMC સભ્યએ જણાવ્યું કે આ વર્ષે દિવાળીની ઉજવણી માત્ર શહેરોમાં થઈ કારણ કે ગામના લોકો પાસે દીવો ખરીદવાના પણ પૈસા નથી. લાસલગાંવ APMC એશિયાનું સૌથી મોટું માર્કેટ છે. અહીં ૫૦૦થી ૧૪૦૦ રૂપિયામાં પ્રતિ કિલો ડુંગળી વેચાઈ છે. ૭ મહિના સુધીની સેલ્ફ લાઈફ હોવાને કારણે ખેડૂતે એને વેચી નહીં. તેનાથી વધુ ભાવ મળવાની આશામાં ભેગી કરી હતી અને હવે તેને વેચવામાં આવી રહી છે. હવે વરસાદને કારણે નવો પાક ખરાબ થઈ ગયો છે અને બાકીની ડુંગળીની ક્વોલિટી ખરાબ છે અને ખૂબ ઓછા ભાવે વેચાઈ રહી છે. સુદમ ઈંગલેએ સમજાવ્યું કે ખેડૂતોને તેમના ખેતરો તૈયાર કરવા, રોપાઓ ખરીદવા, તેમને પેક કરવા અને બજારમાં તેમના ઉત્પાદનને લઈ જવાથી લઈને નોંધપાત્ર ખર્ચ થાય છે. બદલામાં તેમને મળતી ઓછી કિંમત એક મોટી અસુવિધા છે. ખેડૂત માણિકરાવ ઝેન્ડેએ પોતાની દુર્દશા સમજાવતા કહ્યું, "બજારના ભાવને જોતાં, મેં મારા ડુંગળીના પાકને વેચ્યો નહીં અને તેને ખાતરમાં રૂપાંતરિત કર્યો, જેનાથી નુકસાન ઓછું થયું. આ વર્ષે, મેં દાડમની ખેતીમાં ૧.૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું. અવિરત વરસાદને કારણે, છોડ કાળા પડી ગયા, અને મારે તેને ફેંકી દેવા પડ્યા. સીતાફળના છોડ સાથે પણ આવું જ થયું. મેં લગભગ ૧ લાખ રૂપિયા ગુમાવ્યા, અને પાક ૫૦,૦૦૦ રૂપિયામાં વેચવો પડ્યો."

મોહસીન નકવીની વધુ એક નાપાક હરકત

# ACC મુખ્યાલયમાંથી નકવીએ ગાયબ કરી એશિયા કપની ટ્રોફી !




દુબઈ,

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમે ૨૮ સપ્ટેમ્બરના રોજ દુબઈમાં એશિયા કપ ૨૦૨૫ની ફાઈનલમાં પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. મેચને લગભગ એક મહિનો વીતી ગયો છે, પરંતુ ટીમ ઈન્ડિયાને હજુ સુધી ટ્રોફી આપવામાં આવી નથી. એશિયન ક્રિકેટ કાઉન્સિલના વડા મોહસીન નકવીના ખરાબ કૃત્યો આ પાછળનું એક મુખ્ય કારણ છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ, ભારતીય ટીમે સ્પષ્ટ કરી દીધું હતું કે તેઓ મેચ દરમિયાન કોઈપણ પાકિસ્તાની ખેલાડી સાથે હાથ મિલાવશે નહીં, અને જો તેઓ ટ્રોફી જીતશે, તો તેઓ છઝ્રઝ્રના વડા, જે PCBના વડા પણ છે, પાસેથી તે સ્વીકારશે નહીં. ભારતીય ટીમે દુબઈમાં એશિયા કપની ફાઈનલમાં પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવીને ટાઈટલ જીત્યું હતું ફાઈનલ મેચ પછીના પ્રસ્તુતિ સમારોહમાં નોંધપાત્ર નાટક જોવા મળ્યું, પરંતુ ટીમ ઈન્ડિયાને હજુ સુધી ટ્રોફી મળી નથી. આ દરમિયાન, મોહસીન નકવી દ્વારા એશિયા કપ ટ્રોફી અંગે વધુ એક ઘૃણાસ્પદ કૃત્ય પ્રકાશમાં આવ્યું છે.

બીસીસીઆઈએ એશિયા કપ ટ્રોફી અંગે મોહસીન નકવીના ચાલી રહેલા નાટક સામે કડક વલણ અપનાવ્યું છે, અને આગામી મહિને ICC બેઠકમાં આ મુદ્દો ઉઠાવવાનો નિર્ણય લીધો છે. મોહસીન નકવીએ ACC મુખ્યાલયમાંથી એશિયા કપ ટ્રોફી કાઢી નાખી છે અને તેને અબુ ધાબીમાં એક અજ્ઞાત સ્થળે છુપાવી દીધી છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે BCCIના એક અધિકારીએ થોડા દિવસો પહેલા ACC મુખ્યાલયની મુલાકાત લીધી હતી અને જ્યારે તેમને એશિયા કપ ટ્રોફી વિશે પૂછપરછ કરવામાં આવી ત્યારે ત્યાંના સ્ટાફ દ્વારા તેમને જાણ કરવામાં આવી હતી કે તે દૂર કરવામાં આવી છે અને હવે મોહસીન નકવીના કબજામાં છે, જેમણે તેને અબુ ધાબીમાં એક અજ્ઞાત સ્થળે રાખી છે.આ મહિનાની શરૂઆતમાં, છઝ્રઝ્રના વડા મોહસીન નકવીએ ટીમ ઈન્ડિયાને એશિયા કપ ટ્રોફી સોંપવા માટે એક શરત મૂકી હતી, અને તેમને છઝ્રઝ્ર મુખ્યાલયમાં આવીને તેની પાસેથી તે લેવા માટે કહ્યું હતું. અગાઉ, સપ્ટેમ્બરના અંતમાં યોજાયેલી એશિયન ક્રિકેટ કાઉન્સિલની બેઠકમાં, ઘણા અહેવાલો સૂચવવામાં આવ્યા હતા કે મોહસીન નકવીએ ફાઈનલ મેચ પછી પ્રેઝન્ટેશન સમારોહ દરમિયાન બનેલી ઘટના માટે માફી માંગી હતી. જોકે, નકવીએ પાછળથી આ અહેવાલોને નકારી કાઢ્યા હતા.

યુગાન્ડામાં ભયાનક માર્ગ અકસ્માત

# કમ્પાલા-ગુલુ હાઇવે પર બસ અને લારી વચ્ચેની ટક્કરમાં ૬૩ લોકોના કરુણ મોત



યુગાન્ડા,

યુગાન્ડાના કમ્પાલા-ગુલુ હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં ઓછામાં ઓછા ૬૩ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા. યુગાન્ડાની રાજધાની કમ્પાલાને ગુલુ શહેર સાથે જોડતા આ હાઈવે પર, એક બસ ડ્રાઈવરે વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં તે વિરુદ્ધ દિશામાંથી આવતી લારી સાથે સામસામે અથડાઈ હતી. આ પ્રારંભિક ટક્કર બાદ પાછળથી આવતા અન્ય વાહનો પણ અથડાયા હતા, જેના કારણે હાઈવે પર અરાજકતા સર્જાી હતી અને જાનમાલનું ભારે નુકસાન થયું હતું. પોલીસ અને કટોકટીની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી છે અને ઘાયલોને કિરિયાન્ડોંગેની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.યુગાન્ડામાં બુધવારની સવાર એક ભયાનક માર્ગ અકસ્માતના સમાચાર લઈને આવી. આ દુઃખદ માર્ગ અકસ્માત યુગાન્ડાની રાજધાની કમ્પાલાથી ઉત્તરમાં આવેલા ગુલુ શહેરને જોડતા કમ્પાલા-ગુલુ હાઈવે પર થયો હતો. આ ભયાનક અકસ્માતમાં બે બસ સહિત કુલ ચાર વાહનો સામેલ હતા.યુગાન્ડા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે અકસ્માતનું મુખ્ય કારણ બસ ડ્રાઈવરની ભૂલ હતી. કમ્પાલા-ગુલુ હાઈવે પર એક બસ ડ્રાઈવરે અન્ય એક વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના પરિણામે બસ વિરુદ્ધ દિશામાંથી આવી રહેલી એક લારી સાથે સામસામે અથડાઈ ગઈ હતી. પોલીસ અને કટોકટીની ટીમો દ્વારા તાત્કાલીક બચાવ કામગીરી શરૂ કરાઈ અને ઘાયલોને કિરિયાન્ડોંગેની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી અચાનક થયેલી આ જોરદાર ટક્કર બાદ, પાછળથી આવતા અનેક વાહનો પણ એકબીજા સાથે અથડાયા, જેના કારણે હાઈવે પર અંધાધૂંધી અને ગંભીર અકસ્માતની સ્થિતિ સર્જાી હતી.સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, આ માર્ગ અકસ્માતમાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. ઘટનાસ્થળે જ ઓછામાં ઓછા ૬૩ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાએ યુગાન્ડાના ઘણા ભાગોમાં શોકનો માહોલ છવાઈ દીધો છે.કમ્પાલા પોલીસના પ્રવક્તાએ માહિતી આપી કે અકસ્માતની જાણ થતાં જ બચાવ અને રાહત ટીમોને તાત્કાલિક સ્થળ પર મોકલી દેવામાં આવી હતી. કટોકટી કાર્યકરો ઘાયલોને બચાવવા અને ફસાયેલા પીડિતોને બહાર કાઢવા માટે સક્રિયપણે કામ કરી રહ્યા છે. મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ લોકોને પશ્ચિમ યુગાન્ડાના શહેર કિરિયાન્ડોંગેની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ભયાનક અને દુઃખદ અકસ્માત બાદ કમ્પાલા-ગુલુ હાઈવેને હાલમાં અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યો છે, જેથી રાહત અને તપાસની કામગીરી સરળતાથી ચાલી શકે.

હૈદરાબાદ-બેંગલુરુ હાઈવે પર દર્દનાક અકસ્માત

# બાઈકની ટક્કરથી વોલ્વો બસ ભડભડ સળગી ઉઠી



હૈદરાબાદ,

કરનૂલ જિલ્લાના કલ્લૂર મંડળના ચિન્ણાટેકુર વિસ્તારમાં શુક્રવારે વહેલી સવારે દર્દનાક અકસ્માત થયો જેમાં હૈદરાબાદથી બેંગ્લુરુ જઈ રહેલી કાવેરી ટ્રાવેલ્સની બસ અચાનક આગની ઝપેટમાં આવી ગઈ. અકસ્માત એટલો તે ભયાનક હતો કે આખી બસ ગણતરીની પળોમાં બળીને ખાખ થઈ ગઈ. રિપોર્ટ મુજબ આ અકસ્માતમાં ૨૦ લોકોના જીવ ગયા છે. અનેક લોકો ઘાયલ થયા છે.

પ્રાથમિક માહિતી મુજબ વેમુરી કાવેરી ટ્રાવેલ્સની વોલવો બસ ૪૧ જેટલા મુસાફરોને લઈને હૈદરાબાદથી બેંગ્લુરુ જઈ રહી હતી. કુરનૂલ પાસે ચિન્ણાટેકુરમાં નેશનલ હાઈવે ૪૪ પર બસની ટક્કર એક દ્વિચક્કી વાહન સાથે થઈ અને ત્યારબાદ આગ લાગી ગઈ. અકસ્માત સમયે બસમાં અનેક મુસાફરો સવાર હતા. કેટલાક મુસાફરો જેમ તેમ કરીને ઈમરજન્સી એક્ઝિટથી બહાર નીકળવામાં સફળ રહ્યા. ઘાયલોને હાલ સારવાર માટે કરનૂલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેઓ સારવાર હેઠળ છે. સ્થાનિક લોકો અને પોલીસે મળીને રાહત તથા બચાવકાર્ય શરૂ કર્યું. ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને આગને કાબૂમાં લેવાની જદ્દોજહેમત કરવા માડી. અકસ્માત બાદ હાઈવે પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો. પોલીસે વિસ્તારને ઘેરીને તપાસ શરૂ કરી છે.

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરી શોક વ્યક્ત કર્યો. તેમણે લખ્યું કે ચિન્ણાટેકુર વિસ્તારમાં બસ અકસ્માતના સમાચાર જાણી ખુબ દુખ થયું. આ દર્દનાક અકસ્માતમાં જે પરિવારોએ પોતાના પરિજનોને ગુમાવ્યા છે.

અશોક ગેહલોતે કરી જાહેરાત

# મહાગઠબંધનના CM ચહેરા તરીકે તેજસ્વી યાદવનું નામ જાહેર

પટના,

બિહાર ચૂંટણી માટે તેજસ્વી યાદવ મહાગઠબંધનનો મુખ્યમંત્રી ચહેરો હશે. અશોક ગેહલોતે આ જાહેરાત કરી છે. તેમણે NDAને તેમના નેતા કોણ હશે તે જાહેર કરવા પણ કહ્યું. તેમણે હવે નક્કી કરવું જોઈએ કે મુખ્યમંત્રીપદનો ચહેરો કોણ હશે.અશોક ગેહલોતે કહ્યું કે દેશભરમાં પરિસ્થિતિ ગંભીર છે. જે કોઈ ટીકા કરે છે તેને જેલમાં જવું પડે છે, પછી ભલે તે પત્રકાર હોય કે કાર્યકર્તા. દરેક વ્યક્તિ પરિવર્તન ઈચ્છે છે અને આપણે આ જાહેર ભાવનાને સમજવી જોઈએ. મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ એક મૂલ્યાંકન કર્યું, જેમાં જાણવા મળ્યું કે જનતા પરિવર્તન ઈચ્છે છે. રાહુલ ગાંધીની બિહાર મુલાકાતમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આજે સત્તામાં રહેલા દળોને લોકશાહીમાં કોઈ વિશ્વાસ નથી. તેઓ ફક્ત લોકશાહીનો માસ્ક પહેરેલો છે. છેલ્લી બિહાર ચૂંટણીમાં અમારું પ્રદર્શન મજબૂત રહ્યું. ગેહલોતે કહ્યું, "ખડગે સાહેબ, રાહુલજી અને અમારા બધા સાથીદારો સાથે સલાહ લીધા પછી, અમે આ ચૂંટણીમાં આગામી મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે તેજસ્વી યાદવને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. તેઓ યુવાન છે અને તેમનું ભવિષ્ય લાંબુ છે. જનતા યુવાનોને ટેકો આપે છે." ગેહલોતે એવો પણ સંકેત આપ્યો કે ચૂંટણી પછી વધુ નાયબ મુખ્યમંત્રીઓની નિમણૂક થઈ શકે છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોતે બુધવારે આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્ર તેજસ્વી યાદવ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન કોંગ્રેસના બિહાર પ્રભારી કૃષ્ણ અલ્લવારુ પણ બેઠક દરમિયાન હાજર હતા. મુખ્ય વિવાદ તેજસ્વી યાદવના મુખ્યમંત્રી પદના ઉમેદવાર હોવા પર કેન્દ્રિત હતો.

### વિરાટ કોહલીએ મોટો રેકોર્ડ તોડ્યો

# કોહલી બન્યો વન ડેમાં સૌથી વધુ રન બનાવનારો બીજા નંબરનો બેટ્સમેન



સિડની,

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન વિરાટ કોહલીએ સતત બે મેચમાં ફ્લોપ રહ્યા બાદ જબરદસ્ત વાપસી કરી હતી. વર્લ્ડ ક્રિકેટમાં હવે ખાલી સચિન તેંદુલકર જ એક એવા બેટ્સમેન છે, જે રનની બાબતમાં કોહલીથી આગળ છે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ત્રીજી મેચમાં વિરાટ કોહલીએ વન ડે ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવવાના મામલામાં શ્રીલંકાના પૂર્વ કપ્તાન કુમાર સંગાકારાને પાછળ રાખી દીધા છે.

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ત્રણ મેચોની વન ડે સિરીઝની પહેલી બે મેચમાં ખાતું ખોલાવ્યા વિના પરત ફરેલા વિરાટ કોહલીએ ધમાકેદાર વાપસી કરી છે. તેમણે પોતાના અંદાજમાં બેટિંગ કરતા ફેન્સથી ફરીથી ખુશીઓ મનાવવાનો મોકો આપ્યો હતો. સિડની વન ડેમાં વિરાટ કોહલીએ વધુ એક ખાસ સિદ્ધિ મેળવી છે. આ મેચ શરુ થતા પહેલા વન ડે ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવનારા બેટ્સમેનોની યાદીમાં ત્રીજા નંબર પર રહેલા કોહલીએ બીજું સ્થાન મેળવ્યું છે. શ્રીલંકાના કુમાર સંગાકારાને પાછળ રાખતા આ ખાસ સિદ્ધિ મેળવી છે.ત્રીજી મેચમાં વિરાટ કોહલીએ વન ડે ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવવાના મામલામાં સંગાકારાને પાછળ રાખી દીધો વન ડે ક્રિકેટમાં સૌથી વધારે રન ભારતના મહાન બેટ્સમેન સચિન તેંદુલકરના નામે છે. ક્રિકેટના ભગવાન કહેવાતા માસ્ટર બ્લાસ્ટરે ૪૫૨ વન ડે મેચ રમ્યા બાદ ૧૮૪૩૬ રન બનાવ્યા હતા. શ્રીલંકાના કુમાર સંગાકારાએ ૩૮૦ મેચમાં ૧૪૨૩૪ રન બનાવ્યા છે. જ્યારે કોહલીએ ૨૯૩ વન ડે માં આ ખાસ સિદ્ધિ મેળવી છે.

આજની મેચની વાત કરીએ તો, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વન ડે સિરીઝની ત્રીજી અને છેલ્લી મેચ શનિવારે સિડનીના સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાઈ ગઈ. આ મેચમાં ભારતીય ટીમે ૯ વિકેટથી જીત મેળવી લીધી છે. મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ૨૩૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને આસાનીથી ટીમ ઈન્ડિયાએ ચેઝ કરી લીધો હતો.

### વિરાટ કોહલીએ પણ રંગ રાખી દીધો

# છેલ્લી મેચમાં ભારતની ધમાકેદાર જીત, રોહિત શર્માની શાનદાર સદી

**આ મેચમાં ભારતે ૯ વિકેટથી જીતી લીધી : મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ૨૩૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને ટીમ ઈંડિયા ચેઝ કરી લીધો**



સિડની,

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વન ડે સિરીઝની ત્રીજી અને છેલ્લી મેચ શનિવારે સિડનીના સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાઈ ગઈ. આ મેચમાં ભારતીય ટીમે ૯ વિકેટથી જીત મેળવી લીધી છે. મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે ૨૩૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને આસાનીથી ટીમ ઈન્ડિયાએ ચેઝ કરી લીધો હતો.

ભારતીય ટીમને પર્થમાં રમાયેલી વન ડે સિરીઝની પહેલી મેચમાં ડીએલએસ નિયમ અંતર્ગત ૭ વિકેટથી હાર વેઠવી પડી હતી. તો વળી એડિલેડ વન ડેમાં તેમણે મેજબાન ટીમને ૨ વિકેટથી હરાવી દીધા હતા. હવે ભારતીય ટીમે આ મેચ જીતીને સન્માન જાળવી રાખ્યું છે. ભારતે છેલ્લી વન ડેમાં ઓસ્ટ્રેલિયાને ૯ વિકેટથી હરાવી દીધા છે. આ જીતમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીનું મહત્ત્વનું યોગદાન રહ્યું, જેમણે શાનદાર ઈનિંગ્સ રમી હતી. રોહિત શર્માએ વન ડે કરિયરની ૩૩મી સદી ફટકારી તો વળી વિરાટ કોહલીએ વન ડે કરિયરની ૭૫મી અડધી સદી ફટકારી હતી. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રોહિતની આ ૯મી સદી છે. રોહિતે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પોતાની ૫૦મી સદી ફટકારી છે. આ જીત છતાં ભારત ૩ મેચોની વન ડે સિરીઝમાં ૧-૨થી હારી ગયું. ઓસ્ટ્રેલિયાએ પર્થ અને એડિલેડમાં ભારતને હરાવી સિરીઝ પહેલાથી જ કબ્જે કરી લીધી હતી. જો કે ત્રીજી અને છેલ્લી વન ડેમાં રોહિત અને વિરાટની શાનદાર વાપસીના દમ પર ભારતે ઓસ્ટ્રેલિયાને બરાબર જવાબ આપી દીધો છે. ઓસ્ટ્રેલિયા તરફથી આપવામાં આવેલા ૨૩૭ રનના ટાર્ગેટનો પીછો કરતા ભારતે ૩૮.૩ ઓવરમાં ૧ વિકેટના નુકસાન પર ટાર્ગેટ પ્રાપ્ત કરી લીધો. કપ્તાન શુભમન ગિલે ૨૬ બોલમાં ૨૪ રનની ઈનિંગ્સ રમી અને તેમણે બે ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યો હતો.

રોહિત શર્માએ ૧૦૫ બોલમાં સદી પૂરી કરી હતી. આ દરમ્યાન તેણે ૧૧ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. ભારતે ત્રીજી વાર ઓસ્ટ્રેલિયાને સિડનીમાં હરાવ્યું છે. રોહિત શર્માની ઓસ્ટ્રેલિયામાં વન ડેમાં આ છઠ્ઠી સદી છે, જે કોઈ પણ વિદેશી બેટ્સમેનનો આ ફોર્મેટમાં સૌથી વધારે છે. વિરાટ કોહલીએ આ દરમ્યાન પોતાના નામે એક મોટી સિદ્ધિ નોંધાવી છે. કોહલીએ વન ડેમાં સૌથી વધારે રન બનાવનારા બેટ્સમેનની યાદીમાં સચિન તેંદુલકર બાદ બીજા નંબરે પહોંચી ગયો છે.

પર્થ અને એડિલેડમાં શૂન્ય પર આઉટ થનાર વિરાટ કોહલીએ સિડનીમાં શાનદાર વાપસી કરી છે. વિરાટ કોહલીએ સિડની વનડેમાં અડધી સદી ફટકારી હતી. પોતાની ઈનિંગ દરમિયાન કોહલી વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવા મામલે બીજા સ્થાને પહોંચી ગયો છે. કોહલીએ કુમાર સાંગાકારા (૧૪૨૩૪) રનનો રેકોર્ડ તોડ્યો હતો. વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન સચિન તેંડુલકર (૧૮૪૨૬) ના નામે છે. વિરાટ કોહલી ૮૧ બોલમાં ૭ ચોગ્ગા સાથે ૭૪ રન બનાવી અણનમ રહ્યો હતો. સિડની વનડેમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૪૬.૪ ઓવરમાં ૨૩૬ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી મેટ રેનશોએ અડધી સદી ફટકારતા ૫૬ રન બનાવ્યા હતા. મિચેલ માર્શ ૪૧, ટ્રેવિસ હેડ ૨૯, મેથ્યુ શોર્ટ ૩૦, એલેક્સ કેરી ૨૩ રન બનાવી આઉટ થયા હતા. આ સિવાય મિચેલ ઓવન ૧, સ્ટાર્ક ૨, નાથન એલિસ ૧૬ રન બનાવી આઉટ થયા હતા.

ભારત તરફથી હર્ષિત રાણાએ કમાલની બોલિંગ કરતા ૮.૪ ઓવરમાં ૩૯ રન આપી ૪ વિકેટ લીધી હતી. આ સિવાય વોશિંગટન સુંદરે ૪૪ રન આપી બે સફળતા મેળવી હતી. મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, કુલદીપ યાદવ અને અક્ષર પટેલને એક-એક વિકેટ મળી હતી.

### ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી આવ્યા દુખદ સમાચાર

# બોલીવુડ અને ટીવીના જાણીતા અભિનેતા સતીષ શાહનું નિધન



મુંબઈ,

બોલીવુડ અને ટીવીના જાણીતા અભિનેતા સતીષ શાહનું નિધન થઈ ગયું છે. ૨૫ ઓક્ટોબરે બપોરે ૨.૩૦ કલાકે તેમણે છેલ્લા શ્વાસ લીધા છે. જાણકારી પ્રમાણે સતીષ કિડનીની બીમારીનો સામનો કરી રહ્યાં હતા. સતીષ શાહના અંતિમ સંસ્કાર ૨૬ ઓક્ટોબરે કરવામાં આવશે.અશોક પંડિતે આ વીડિયો તેમના X એકાઉન્ટ પર શેર કર્યો છે. તેમાં તેમણે કહ્યું છે કે, "સતીષ શરૂઆતમાં ઘરે જ હતા. ત્યારબાદ તેમને કિડની ફેલ્યોર થવાને કારણે દાદરની હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અભિનેતાના અંતિમ સંસ્કાર મુંબઈના બાંદ્રા સ્મશાનગૃહમાં કરવામાં આવશે."

સતીષ શાહે ૭૪ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા છે. તમને જણાવી દઈએ કે સતીષ રવિલાલ શાહનો જન્મ ૨૫ જૂન ૧૯૫૧ના મુંબઈમાં થયો હતો. તેઓ ગુજરાતી મૂળના હતા અને ૧૯૭૨મા ડિઝાઈનર માધુ શાહ સાથે લગ્ન કર્યા હતા. તેમણે ફિલ્મ અને ટેલીવિઝન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયામાંથી અભ્યાસ કર્યો હતો. તેમના કરિયરની શરૂઆત ૮૦ના દાયકામાં થઈ હતી. ૧૯૮૪મા યહ જો હૈ જિંદગીમાં ૫૫ અલગ-અલગ પાત્ર ભજવી તેઓ ઘર-ઘરમાં જાણીતા બન્યા હતા.સતીષ કિડનીની બીમારીનો સામનો કરી રહ્યાં હતા સતીષ શાહના અંતિમ સંસ્કાર ૨૬ ઓક્ટોબરે કરવામાં આવશે. સતીષ શાહે પહેલા થિએટરમાં પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો અને પછી અજીબ દાસ્તાં (૧૯૭૮) થી બોલીવુડમાં પદાર્પણ કર્યું હતું. સતીષ શાહની જાણીતી ફિલ્મોની વાત કરીએ તો આ લિસ્ટમાં મુજસે શાદી કરોગી, કલ હો ના હો, કભી હાં કભી ના, હમ સાથ સાથ હૈ, ઈશ્ક-વિશ્ક, અમ આપકે હૈ કૌન, હીરો નંબર-૧, અમૃત, નરસિમ્હા, પુરાના મંદિર, દિલવાલે દુલ્હનિયા લે જાએંગે, રમૈયા વસ્તાવૈયા નું નામ સામેલ છે.

સતીષ શાહનું કરિયર માત્ર બોલીવુડ જ નહીં ટીવી પર પણ સફળ રહ્યું હતું. તેમણે ઘણી સુપરહિટ સીરિયલ્સમાં કામ કર્યું હતું, તેમાં સારાભાઈ દૃજ સારાભાઈ જેવા શો સામેલ છે. અભિનેતાના નિધનથી ન માત્ર પરિવાર પરંતુ તેમના ફેન્સનું દિલ પણ તૂટી ગયું છે. બોલીવુડ આ સમયે દુખમાં છે અને સોશિયલ મીડિયા પર લોકો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યાં છે.

### પૂર્વ CIA એજન્ટનો મોટો ખુલાસો

# "અમેરિકાના નિયંત્રણમાં હતા પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રો"



વૉશિંગ્ટન,

ભૂતપૂર્વ યુએસ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) અધિકારી જોન કિરિયાકોઉએ પાકિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જનરલ પરવેઝ મુશર્રફ વિશે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. તેમણે દાવો કર્યો છે કે મુશર્રફે પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રોની ચાવીઓ યુનાઈટેડ સ્ટેટ્સને સોંપી હતી. તેમણે જણાવ્યું હતું કે તે સમયે અમેરિકાએ પાકિસ્તાનને લાખો ડોલર પૂરા પાડ્યા હતા.સમાચાર એજન્સી સાથેની એક મુલાકાતમાં, ભૂતપૂર્વ CIA અધિકારીએ કહ્યું, "જ્યારે હું 2002 માં પાકિસ્તાનમાં પોસ્ટેડ હતો, ત્યારે મને અનૌપચારિક રીતે કહેવામાં આવ્યું હતું કે પેન્ટાગોન પાકિસ્તાની પરમાણુ શસ્ત્રોનું નિયંત્રણ કરે છે. પરવેઝ મુશર્રફે યુનાઈટેડ સ્ટેટ્સને નિયંત્રણ સોંપ્યું કારણ કે તેમને પણ ડર હતો કે પરમાણુ શસ્ત્રો આતંકવાદીઓના હાથમાં આવી શકે છે."ભૂતપૂર્વ CIA અધિકારી જોન કિરિયાકોઉએ ખુલાસો કર્યો કે 2001 ના સંસદ હુમલા અને 2008 ના મુંબઈ આતંકવાદી હુમલા પછી યુનાઈટેડ સ્ટેટ્સ ભારતથી બદલો લેવાની અપેક્ષા રાખતું હતું, પરંતુ એવું થયું નહીં. તેમણે કહ્યું, "CIA ખાતે, અમે ભારતની આ નીતિને વ્યૂહાત્મક ધીરજ કહી હતી. અમે પાકિસ્તાનને લાખો ડોલરની સહાય પૂરી પાડી હતી, અમે અઠવાડિયામાં ઘણી વખત મુશર્રફને મળતા હતા : જોન કિરિયાકોઉ ારત સરકારને પાકિસ્તાન પર હુમલો કરીને બદલો લેવાનો સંપૂર્ણ અધિકાર હતો, પરંતુ તેમણે તેમ ન કર્યું. વ્હાઈટ હાઉસના લોકો કહી રહ્યા હતા કે ભારત ખરેખર ખૂબ જ પરિપક્વ વિદેશ નીતિનું પ્રદર્શન કરી રહ્યું છે."તેમણે દાવો કર્યો, "અમને અપેક્ષા હતી કે ભારત બદલો લેશે, પરંતુ તેમણે તેમ ન કર્યું, અને આ કારણે, વિશ્વ પરમાણુ હુમલાથી બચી ગયું. ભારત હવે એવા તબક્કે પહોંચી ગયું છે જ્યાં તે વ્યૂહાત્મક ધીરજને નબળાઈ તરીકે જોવાનું પોસાય તેમ નથી, તેથી તેણે બદલો લેવો પડ્યો."તેમણે કહ્યું, "મુશર્રફે અમેરિકાને મુક્તપણે કામ કરવાની મંજૂરી આપી. પાકિસ્તાન સરકાર સાથે અમારા ખૂબ સારા સંબંધો હતા. તે સમયે, જનરલ પરવેઝ મુશર્રફ ત્યાં હતા, અને પ્રમાણિકપણે, અમેરિકા સરમુખત્યારો સાથે કામ કરવાનું પસંદ કરે છે કારણ કે પછી તમારે જાહેર અભિપ્રાય અને મીડિયા વિશે ચિંતા કરવાની જરૂર નથી, અને તેથી જ અમે મુશર્રફને ખરીદ્યા."જોન કિરિયાકોઉએ કહ્યું, "અમે પાકિસ્તાનને લાખો ડોલરની સહાય પૂરી પાડી હતી. અમે અઠવાડિયામાં ઘણી વખત મુશર્રફને મળતા હતા. મુશર્રફ પાસે પોતાના લોકો પણ હતા જેમનો સામનો કરવો પડતો હતો. મુશર્રફે આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં અમેરિકા સાથે સહયોગનો ઢોંગ કરીને લશ્કરનો ટેકો જાળવી રાખ્યો, પરંતુ ભારત વિરુદ્ધ પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી."પાકિસ્તાની સેનાને અલ-કાયદાની પરવા નહોતીતેમણે કહ્યું, "પરવેઝ મુશર્રફને સૈન્યને ખુશ રાખવાની હતી, અને સૈન્યને અલ-કાયદાની પરવા નહોતી. તેમને ભારતની પરવા હતી, તેથી સૈન્ય અને કેટલાક ઉગ્રવાદીઓને ખુશ રાખવા માટે, તેમણે તેમને ભારત વિરુદ્ધ આતંકવાદ ફેલાવવાની તેમની બેવડી નીતિ ચાલુ રાખવાની મંજૂરી આપવી પડી, જ્યારે આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં અમેરિકા સાથે સહયોગનો ઢોંગ કરવો પડ્યો."

### અમેરિકાએ રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપનીઓ પર લગાવ્યો પ્રતિબંધ

વૉશિંગ્ટન,

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્લાદિમીર પુતિન સાથેની તેમની મુલાકાત મુલતવી રાખ્યા બાદ અમેરિકાએ રશિયા સામે કડક પગલાં લીધા છેરાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્લાદિમીર પુતિન સાથેની તેમની મુલાકાત મુલતવી રાખ્યા બાદ અમેરિકાએ રશિયા સામે કડક પગલાં લીધા છે. અમેરિકાએ રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ પર પ્રતિબંધોની જાહેરાત કરી જેથી મોસ્કો પર તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થવા માટે દબાણ કરી શકાય. એક દિવસ પહેલા અમેરિકન રાષ્ટ્રપતિએ પુતિન સાથેની તેમની સંભવિત મુલાકાત રદ કરવાની પુષ્ટી કરતા કહ્યું કે તેઓ નિરર્થક મુલાકાત ઈચ્છતા નથી. પુતિને અગાઉ તાત્કાલિક યુદ્ધવિરામની ટ્રમ્પની માંગણીને નકારી કાઢી હતી, અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી પુતિને અગાઉ તાત્કાલિક યુદ્ધવિરામની ટ્રમ્પની માંગણીને નકારી કાઢી હતી. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર એક પોસ્ટમાં બેસન્ટે કહ્યું હતું કે, "હવે સમય આવી ગયો છે કે હત્યા રોકવામાં આવે અને તાત્કાલિક યુદ્ધવિરામ કરવામાં આવે. રાષ્ટ્રપતિ પુતિનના આ અર્થહીન યુદ્ધને સમાપ્ત કરવાનો ઈનકારને ધ્યાનમાં રાખીને ટ્રેઝરી વિભાગ રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ પર પ્રતિબંધો લાદી રહ્યું છે, જે ક્રેમલિનના યુદ્ધ મશીનને ભંડોળ પૂરું પાડે છે." તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે, "ટ્રેઝરી વિભાગ રાષ્ટ્રપતિ ટ્રમ્પના બીજા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોને સમર્થન આપવા માટે જો જરૂરી હોય તો વધુ પગલાં લેવા તૈયાર છે. અમે અમારા સાથીઓને અમારી સાથે જોડાવા અને આ પ્રતિબંધોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ."

### અકસ્માતમાં ૩ ના મોત નિપજ્યાં

# અમેરિકામાં ભારતીય ટ્રક ડ્રાઈવરે અનેક કારોને મારી ટક્કર

વૉશિંગ્ટન,

અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયામાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા 21 વર્ષીય ભારતીય યુવાન જસનપ્રીત સિંહને આ અકસ્માત માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, તે દારૂના નશામાં ટ્રક ચલાવી રહ્યો હતો, જેના કારણે આ અકસ્માત થયો. આરોપી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૨૧ વર્ષીય ભારતીય યુવાન જસનપ્રીત સિંહને આ અકસ્માત માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો સાન બર્નાર્ડિનો કાઉન્ટી ફ્રીવે પર આ અકસ્માત થયો જ્યારે જસનપ્રીત સિંહનો સેમી-ટ્રક ધીમી ગતિએ ચાલતા વાહનો સાથે અથડાઈ ગયો. ટ્રકના ડેશકેમે અકસ્માત કેદ કર્યો હતો, જેમાં ટ્રક એક SUV સાથે અથડાઈ રહી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે જસનપ્રીત બ્રેક મારતો ન હતો અને ડ્રગ્સના નશામાં વાહન ચલાવી રહ્યો હતો. કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલ ઓફિસર રોડ્રિગો જીમેનેઝે જણાવ્યું હતું કે, "તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, અને તબીબી તપાસમાં પુષ્ટિ મળી છે કે તે નશામાં હતો."યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) એ પુષ્ટિ આપી છે કે જસનપ્રીત સિંહ પાસે યુએસમાં માન્ય ઈમિગ્રેશન સ્ટેટસ નથી. તે 2022 માં દક્ષિણ સરહદ પાર કરીને યુએસમાં પ્રવેશ્યો હોવાનું કહેવાય છે અને "અટકાયતના વિકલ્પો" નીતિ હેઠળ તેને દેશમાં છોડી મૂકવામાં આવ્યો હતો. તેની ધરપકડ બાદ, યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ તેની સામે ઈમિગ્રેશન ડિટેનર જારી કર્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, તે દારૂના નશામાં ટ્રક ચલાવી રહ્યો હતો, જેના કારણે આ અકસ્માત થયો. આરોપી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ૨૧ વર્ષીય ભારતીય યુવાન જસનપ્રીત સિંહને આ અકસ્માત માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો સાન બર્નાર્ડિનો કાઉન્ટી ફ્રીવે પર આ અકસ્માત થયો જ્યારે જસનપ્રીત સિંહનો સેમી-ટ્રક ધીમી ગતિએ ચાલતા વાહનો સાથે અથડાઈ ગયો. આ ઘટના પહેલી નથી. ઓગસ્ટ 2024 માં, હરજિંદર સિંહ નામના અન્ય એક ભારતીય ઈમિગ્રન્ટે ફ્લોરિડાના ફોર્ટ પિયર્સમાં ટ્રક અકસ્માત સર્જ્યો હતો, જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. તે 2018 માં પણ ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશ્યો હતો અને બાદમાં કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવ્યું હતું.

### અબકી બાર મોદી સરકારનો આપ્યો હતો નારો

# જાણીતા એડ ગુરૂ પીયુષ પાન્ડેયનું થયેલું નિધન

મુંબઈ,

દેશના જાણીતા એડ ગુરૂ પીયુષ પાન્ડેયનું નિધન થઈ ગયું છે. તેમણે જાહેરાતની દુનિયામાં નવા રંગ ભર્યા હતા અને તેમના ઘણા કેમ્પેન ખૂબ ચર્ચિત રહ્યા અને ઘર-ઘરમાં બ્રાન્ડ્સની ઓળખ બની. જેમ તેમણે એશિયન પેન્ટ્સનું કેમ્પેન સ્લોગન લખ્યું હતું- હર ખુશી મેં રંગ લાએ. આ સિવાય કેડબરીની એડ કુછ ખાસ હૈ પણ તેમની કલમમાંથી નીકળી હતી. લાંબા સમય સુધી ભારતની વિવિધતામાં એકતાને દર્શાવનાર ગીત મિલે સુર મેરા તુમ્હારાના લેખક પણ તેઓ હતો. આ ગીત તો દૂરદર્શનનું થીમ સોન્ગ બની ગયું હતું. પછી ઈન્ટરનેટનો પ્રસાર થવા પર લોકો યુટ્યુબ પર જઈને આ ગીત સાંભળતા હતા. તેમણે ફેવિકોલ, હચ જેવી કંપનીઓ માટે પણ ઘણા સફળ એડ કેમ્પેનનું નિતૃત્વ કર્યું હતું. પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારના પ્રચારનો નારો પણ તેમણે આવ્યો હતો, જે ખૂબ ચર્ચિત રહ્યો. આ નારો હતો- અબકી બાર મોદી સરકાર. પીયુષ પાન્ડેયને ભારતીય જાહેરાત ઈન્ડસ્ટ્રીમાં મોટા ફેરફાર માટે ઓળખવામાં આવે છે. તેમમે જાણીતી એડ કંપની ઓગિલ્વી ઈન્ડિયાની સાથે આશરે ચાર દાયકા કામ કર્યું. આ કંપની દેશમાં જાહેરાતની દુનિયાનો પર્યાય બની રહી અને તેમાં મહત્વની ભૂમિકા પીયુષ પાન્ડેયની માનવામાં આવે છે. તેમના નિધનની સાથે જાહેરાતની દુનિયાના એક યુગનો અંત આવી ગયો છે. તેમની શાનદાર મૂંછો અને હસમુખ ચહેરાને હંમેશા યાદ કરવામાં આવશે. તેમને ભારતીય સમાજની ભાષા, પરંપરાની ઊંડી સમજ હતી. આ કારણ હતું કે તેમના ઘણા કેમ્પેન સીધા લોકોના દિલ સુધી પહોંચ્યા હતા. પ્રોડક્ટ લોકપ્રિય થઈ તો તેમણે બનાવેલી જાહેરાતની ખૂબ ચર્ચા થઈ અને લોકો આતૂરતાથી આ જાહેરાત જોતા હતા. પીયુષ પાન્ડેય ૧૯૮૨મા ઓગિલ્વી ઈન્ડિયામાં જોડાયા હતા. આ પહેલા તેઓ એક ક્રિકેટર રહ્યા હતા. આ સિવાય ચાના બગીચામાં પણ કામ કર્યું હતું. પીયુષ પાન્ડેયે એશિયન પેન્ટ્સ, કેડબરી સહિત ઘણી કંપનીઓના કેમ્પેનને નવી ઊંચાઈઓ આપી હતી. કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યુ, પદ્મ શ્રી પીયુષ પાન્ડેયના નિધન પર મારી ઉદાસી જાહેર કરવા માટે શબ્દો નથી. જાહેરાતની દુનિયામાં એક મહાન હસ્તી, તેમની ક્રિએટિવ જીનિયે કહાની કહેવાની રીતને ફરીથી પરિભાષિત કરી.

## દરરોજ સરેરાશ ૩૫ ઈમરજન્સી કેસથી ચિંતા

# ગુજરાતમાં લકવાના ૧૦માંથી ચાર દર્દીની ઉંમર ૫૦ વર્ષથી ઓછી



ગાંધીનગર,
છેલ્લા કેટલાક વર્ષથી હૃદયરોગની સાથે પેરાલિસિસ-સ્ટ્રોકના કેસમાં પણ ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં જ આ વર્ષે સ્ટ્રોકની ઈમરજન્સીના ૧૦,૦૯૮ કેસ નોંધાયેલા છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૩૫ વ્યક્તિને પેરાલિસિસ-સ્ટ્રોકની સારવાર માટે ઈમરજન્સી સેવા '૧૦૮' ની મદદ લેવી પડે છે. સ્ટ્રોકના પ્રત્યેક ૧૦માંથી ૪ કેસ હવે ૫૦ વર્ષથી ઓછી વયની વ્યક્તિમાં નોંધાય છે. આજે 'વર્લ્ડ સ્ટ્રોક ડે' છે, ત્યારે સ્ટ્રોકના વધતા કેસે ચિંતાજનક સ્થિતિ સર્જી છે.ઈમરજન્સી સેવા '૧૦૮'પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રોકની ઈમરજન્સીના સૌથી વધુ ૯૯૬૮ કેસ અમદાવાદમાં નોંધાયા હતા. આ પછી સુરત ૩૭૧૭ સાથે બીજા અને વડોદરા ૨૪૪૧ સાથે ત્રીજા સ્થાને છે. આમ, અમદાવાદમાં દરરોજ સરેરાશ ૧૦ વ્યક્તિને સ્ટ્રોકની ઈમરજન્સીની સારવાર લેવી પડે છે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં દર વર્ષે ૧.૬ મિલિયનથી વધુ નવા સ્ટ્રોકના કેસ નોંધાય છે.એક સમયે વૃદ્ધોને પ્રભાવિત કરતી બિમારી તરીકે ઓળખાતા સ્ટ્રોક હવે યુવા વસતીને પણ અસર કરે છે, જેનું મુખ્ય કારણ જીવનશૈલી સંબંધિત પરિબળો છે. બેઠાડુ જીવનશૈલી, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટિસ, હાઈપરટેન્શન અને સ્ટ્રેસ મુખ્ય કારણો છે. શારીરિક પ્રવૃત્તિઓનો અભાવ, ધુમ્રપાન અને આલ્કોહોલનું સેવન સ્ટ્રોકના જોખમમાં વધારો કરે છે. જાણકારોનું માનવું છે કે સ્ટ્રોક જીવનશૈલી સંબંધિત બિમારી તરીકે ઉભરી રહ્યું છે, તેમજ વહેલા હસ્તક્ષેપ માટે જોખમી પરિબળો અને લક્ષણો ક્ષણો વિશે જાગૃકતામાં વધારો આવશ્યક છે. ડૉક્ટરોના મતે, આધુનિક સ્ટ્રોક કેર તીવ્ર ઈસ્કેમિક સ્ટ્રોક માટે મુખ્યત્વે બે ટ્રીટમેન્ટ ઓફર કરે છે. આઈવી થ્રોમ્બોલિસિસ નસ દ્વારા અપાતી દવા છે, ઈમરજન્સી સેવા '૧૦૮'પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રોકની ઈમરજન્સીના સૌથી વધુ ૯૯૬૮ કેસ અમદાવાદમાં નોંધાયા હતા જે લોહીનું ગંઠાવાને ઓગાળે છે અને જો લક્ષણો બાદ તેને તાત્કાલિક આપવામાં આવે તો મગજને થતું નુકસાન ઘટાડી શકાય છે. તે પ્રથમ ૪૫ કલાકમાં પ્રભાવી હોય છે. મિકેનિકલ થ્રોમ્બેક્ટોમી એક ઓછી આક્રમક પ્રક્રિયા છે, જે બ્લોક થયેલી મગજની નસમાંથી ફિઝિકલ રીતે લોહીનું ગંઠાવાને દૂર કરે છે.

## SOGએ કેસ કર્યા પછી તરત જ ધંધો શરૂ થઈ ગયો

# વડોદરામાં SMCએ કાલા સોનાનું કૌભાંડ પકડ્યું



વડોદરા,
વડોદરાના રણોલી વિસ્તારમાં અમ્મા રોડવેઝ નામની ઓફિસ ધરાવતા શકીલ અને તેના મળતીયાઓ દ્વારા ભારત પેટ્રોલિયમ અને આઈપીએલમાંથી નીકળતી ડીઝલ અને પેટ્રોલની ટેક્રોમાંથી પેટ્રોલ ડઝલ કાઢી લેવાના કૌભાંડનો સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે.ડીઝલ અને પેટ્રોલની ટેન્કરોમાંથી પેટ્રોલ ડઝલ કાઢી લેવાના કૌભાંડનો સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે વડોદરા શહેર પોલીસ ડ્રિંક એન્ડ ડ્રાઈવ ના કેસોમાં વ્યસ્ત હતી તે દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રણોલી વિસ્તારમાં અમ્રોમા ડવેઝ નામની ઓફિસમાં દરોડો પાડીને મોટે પાએ ચાલતા કાલા સોનાના કૌભાંડ ને ઝડપી પાડવામાં આવ્યું હતું. પોલીસે ભવનેશ પટેલ પાસેથી ભાડેથી ઓફિસ લઈ કૌભાંડ આચરતા સંચાલક શકીલ સમુનભાઈ રંગવાલા, ટેક્રર ડ્રાઈવરોના સંપર્કમાં રહેતા મિ[illegible] લાલ બહાદુર યાદવ, વિપુલ સુરસિંહ પરમાર તેમજ દિનેશ રામ કૈલાશ યાદવ ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે બીપીસીએલમાંથી દાહોદના ઝાલોદ રોડ ઉપર શિવમ પેટ્રોલિયમ માં જવા નીકળેલા ટેક્રર ને પણ કબજે લીધું હતું. જ્યારે ૩૩૦ લીટર પેટ્રોલ અને ૨૧૫ l ડીઝલ પણ કબજે કર્યું હતું. આ ઉપરાંત ટેક્રોમાંથી પેટ્રોલ ડીઝલ ચોરવા માટેના નળી, ખાલી કારબા, ચાર મોબાઈલ, સ્કૂટર, ટેક્રર સહિત રૂ ૪૪ લાખ ઉપરાંત નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન શકીલ રંગવાલાએ કબૂલ્યું હતું કે, તે બે વર્ષથી આ પ્રવૃત્તિ કરતો હતો. માર્ચ ૨૦૨૫માં એસ ઓ જી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં બીજા દિવસે જામીન પર છૂટ્યા બાદ ત્રણેક મહિના ધંધો બંધ રાખ્યો હતો અને ત્યારબાદ ગણેશ ઉત્સવ પછી ધંધો ફરી શરૂ કર્યો હતો. આ પેટ્રોલ ડીઝલ હું ટ્રક ડ્રાઈવરોને પ્રતિ લીટર ૭૦ના ભાવે વેચું છું.

# નવા વર્ષની પૂર્વ રાત્રે આજવા રોડ પર યુવકના છાતીમાં ઘા ઝીંકી હત્યા



વડોદરા,
નવા વર્ષની પૂર્વ રાત્રે આજવા રોડ નારાયણધામ સોસાયટીમાં જુના ઝઘડાની અદાવતે યુવક પર હુમલો કરી મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. જે અંગે બાપોદ પોલીસે ગુનો દાખલ કર્યો છે. જુના ઝઘડા અદાવતે આરોપી દેવેન્દ્ર ઉર્ફે રાજા સુરેશભાઈ સોલંકી એ મારા ભાઈ પર તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી છાતીમાં ગંભીર ઈજા પહોંચાડીઆ ઘટના અંગે મિતેશ સોલંકી રહે દિલારામ કમ્પાઉન્ડ અલકાપુરી મૂળ રહે ફતેપુરાએ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારો નાનો ભાઈ અક્ષય તથા તેની પત્ની ફતેપુરામાં રહે છે. ગત ૨૧મી તારીખે મોડી રાત્રે જુના ઝઘડા અદાવતે આરોપી દેવેન્દ્ર ઉર્ફે રાજા સુરેશભાઈ સોલંકી એ મારા ભાઈ પર તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી છાતીમાં ગંભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યો હતો. બાપોદ પોલીસે આ અંગે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડ્યો છે.

## કપાળે વાગ્યો લોખંડનો ટુકડો

# પાઇપમાં ફટાકડા ફોડવાની બેદરકારીએ સગીરાનો જીવ લીધો

**આ ઘટના બાદ મૃતક સગીરાના પિતાએ ત્રણ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી**

અમદાવાદ,
અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં ફટાકડા ફોડવામાં ગંભીર બેદરકારીના કારણે ૧૬ વર્ષની સગીરાનું કરુણ મોત નીપજ્યું છે. ગત ૨૧ ઓક્ટોબરની રાત્રે ત્રણ યુવકો લોખંડની પાઈપમાં ફટાકડા ભરીને ફોડી રહ્યા હતા. આ દરમિયાન લોખંડનો ટુકડો ઉડીને સગીરાના કપાળ પર વાગ્યો હતો. જેથી સગીરાને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ ઘટના બાદ મૃતક સગીરાના પિતાએ ત્રણ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મૃતક સગીરા હીના પુરોહિત (૧૬) ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી. તેના પિતા મિનેશભાઈ પુરોહિતે (૪૨) પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, ૨૧ ઓક્ટોબરની રાત્રે તેમની પુત્રી હીના તેની મિત્ર સાથે પટેલ ડેરી પાર્લર પાસે ઊભી હતી. આ સમયે એક મોટો વિસ્ફોટ સંભળાયો હતો અને મદદ માટે બૂમો પડતાં તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં તેમણે જોયું કે તેમની દીકરીના કપાળમાંથી લોહી વહી રહ્યું હતું અને તે બેભાન અવસ્થામાં પડી હતી. હીનાને તાત્કાલિક સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ ૨૨ ઓક્ટોબરના રોજ સાંજે ૬:૨૫ વાગ્યે ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.ફરિયાદી મિનેશભાઈએ આસપાસની સોસાયટીઓના સીસીટીવી ફૂટેજની તપાસ કર્યા બાદ ત્રણ યુવકો પર આરોપ લગાવ્યો છે. ફૂટેજમાં તે જ સોસાયટીના રહેવાસી નીલ હિરેનભાઈ રામી (૧૯) અને બે ૧૩ વર્ષના સગીરો ઓમ કુંતેશ્વર મહાદેવ મંદિરની સામેના જાહેર રોડ પર લોખંડના પાઈપમાં ફટાકડા ભરીને સળગાવતા જોવા મળ્યા હતા. બેદરકારીપૂર્વક સળગાવવામાં આવેલા ફટાકડા ભરેલી લોખંડની પાઈપનો ટુકડો ઉડીને હીનાના કપાળ પર વાગ્યો હતો, જેના કારણે તેને ગંભીર ઈજા થઈ અને ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું.સગીરાના પિતાની ફરિયાદના આધારે પોલીસે ત્રણેય યુવકો સામે બેદરકારીભર્યું કૃત્ય કરીને મૃત્યુ નીપજાવવા બદલ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દિવાળીની ઉજવણીમાં ફટાકડા ફોડવાની બેદરકારીભરી રીતના કારણે એક સગીરાને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.



## બનેવીને ૫મા માળેથી ફેંકી હત્યા કરી

# અમદાવાદના વાડજ વિસ્તારમાં ભાઈઓએ જ બહેનનું ઘર ઉજાડ્યું



અમદાવાદ,
અમદાવાદના વાડજ વિસ્તારમાં પતિ-પત્નીના ઝઘડાનો લોહિયાળ અંત આવ્યો છે. હકીકતમાં ગુરૂવારે અહીં નજીવા પારિવારિક અણબણાવના કારણે સાળાએ પોતાના બનેવીની કૂરતા પૂર્વક હત્યા કરી નાંખી હતી. હાલ, આ મામલે પોલીસે આરોપી સાળાની ધરપકડ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે પોલીસે આરોપી સાળાની ધરપકડ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે મળતી માહિતી મુજબ, ભાઈબીજના દિવસે અમદાવાદના વાડજ વિસ્તારમાં સાળાઓએ બહેન સાથે અણબણાવના કારણે રોષે ભરાઈ બનેવીની હત્યા કરી નાંખી હતી. ભાવેશ મકવાણા નામના વ્યક્તિનો તેની પત્ની સાથે અંગત કારણોસર કોઈ વિવાદ ચાલી રહ્યો હતો. વિવાદ વિશે પત્નીએ પોતાના ભાઈઓને જાણ કરી હતી. ત્યાર બાદ તેના ભાઈઓએ આ મામલે દખલગીરી કરી અને વિવાદ ઘટવાની બદલે વધી ગયો.મૃતકના પિતાના જણાવ્યા અનુસાર, ભાવેશને થોડું દેવું થઈ ગયું હતું જેના કારણે બંને પતિ-પત્ની વચ્ચે વિવાદ ચાલતો હતો. આ ઝઘડા વિશે ભાવેશની પત્નીએ તેના ભાઈઓને વાત કરતા રોષે ભારાયેલા ઘરે આવ્યા અને સીધું જ ઝઘડવાનું શરૂ કરી દીધું. પહેલાં તેમણે ભાવેશને ઢોર માર માર્યો અને બાદમાં તેને પાંચમાં માળેથી નીચે ફેંકી દીધો. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.આ મામલે પોલીસે આરોપી સાળાની ધરપકડ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે મળતી માહિતી મુજબ, ભાઈબીજના દિવસે અમદાવાદના વાડજ વિસ્તારમાં સાળાઓએ બહેન સાથે અણબણાવના કારણે રોષે ભરાઈ બનેવીની હત્યા કરી નાંખી હતી.બનાવની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસે મૃતકની પત્ની અને સાળા સહિત અન્ય સંભવિત આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપી સાળાને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે આ હત્યા પાછળ ભાવેશ અને તેની પત્ની વચ્ચેનો લાંબા સમયથી ચાલતો વિવાદ મુખ્ય કારણ હતો.

# ઈન્સ્ટાગ્રામમાં પ્રેમી સાથે વાત કરતી યુવતીની માતા-ભાઈએ જ કરી હત્યા!



ભાવનગર,
ભાવનગરના ઘોઘા તાલુકામાં ઓનર કિલિંગની ઘટના સામે આવી છે. એક માતાએ પુત્ર સાથે મળીને પોતાની દીકરીને મોતને ઘાટ ઉતારી મૃતદેહને ચેકડેમમાં ફેકી દીધો હતો. યુવતી ઈન્સ્ટાગ્રામમાં પ્રેમી સાથે વાત કરતી હોવાથી માતા-ભાઈએ હત્યા નીપજાવી હતી. સમગ્ર ઘટના મામલે મૃતકના પિતાને જાણ થતાં આરોપી પત્ની અને પુત્ર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપી માતા-પુત્રની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટના મામલે મૃતકના પિતાને જાણ થતાં આરોપી પત્ની અને પુત્ર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી ભાવનગરના ઘોઘા તાલુકાના ભીકડા ગામમાં દીકરીને હત્યા મામલે પિતા હિંમત સરવૈયા (ઉં.વ.૫૫)એ પોતાના પુત્ર પ્રકાશ અને પત્ની દયાબેન વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, મૃતક યુવતી ઈન્સ્ટાગ્રામમાં શિહોરના એક યુવક સાથે વાત કરતી હોવાની દયાબેન અને પ્રકાશને જાણ થઈ હતી. યુવતી ઈન્સ્ટાગ્રામમાં પ્રેમી સાથે વાત કરતી હોવાથી માતા-ભાઈએ હત્યા નીપજાવી હતી. સમગ્ર ઘટના મામલે મૃતકના પિતાને જાણ થતાં આરોપી પત્ની અને પુત્ર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપી માતા-પુત્રની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.આ પછી તેમણે યુવતીને પ્રેમી સાથે સંબંધ ન રાખવા જણાવ્યું હતું. જોકે, યુવતી પ્રેમી સાથે લગ્નની જીદ કરતી હતી. જ્યારે ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દયાબેને યુવતીને પ્રેમી સાથે ઈન્સ્ટાગ્રામમાં વાત કરતી ઝડપી પાડી હતી. આ પછી પ્રકાશને બોલાવીને માતા અને ભાઈએ યુવતીને છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધી હતી અને લાશને ચેકડેમમાં ફેંકી દીધી હતી.સમગ્ર ઘટનાના બીજા દિવસે ચેકડેમ પાસેથી દીકરીની લાશ મળી આવતા પિતા હિંમતભાઈએ પોલીસને જાણ કરી હતી. દીકરીને અંતિમ વિધિ પૂર્ણ થયાં બાદ પોલીસ પૂછપરછમાં માતા-પુત્રએ સમગ્ર હકિકત જણાવી હતી. પોલીસે બંને માતા-પુત્રની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## નળ સરોવરમાં બોટિંગ બંધ

# પ્રવાસીઓને વીલા મોઢે પાછા ફરવાનો વારો, સ્થાનિકોની રોજીરોટી છીનવાઈ




અમદાવાદ,
ગુજરાતના ગૌરવ સમાન અને આંતરરાષ્ટ્રીય રામસર સાઈટતરીકે ખ્યાતિ પામેલા નળ સરોવર પક્ષી અભયારણ્યમાં દિવાળી વેકેશનની બરાબર મધ્યમાં જ બોટિંગ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. જેના કારણે શિયાળાની ઋતુ અને વેકેશનની મજા માણવા દૂર-દૂરથી આવતા હજારો પ્રવાસીઓને ઘોર નિરાશા સાંપડી રહી છે. પક્ષીઓને નજીકથી જોયા વિના માત્ર કિનારેથી સરોવરની ઝલક જોઈને 'વીલા મોઢે' પાછા ફરવાનો વારો આવતા પ્રવાસીઓનો ઉત્સાહ ઓસરી ગયો છે.

પ્રાપ્ત અહેવાલો મુજબ આ સમગ્ર પરિસ્થિતિનું મુખ્ય કારણ આશરે જાન્યુઆરી ૨૦૨૪માં વડોદરા ખાતે બનેલી હરણી તળાવ દુર્ઘટના છે. આ દુર્ઘટના બાદ રાજ્ય સરકારે તમામ જળ સ્થાનો પર પ્રવાસીઓની સુરક્ષા માટે કડક નિયમો અને SOP લાગુ કરી છે.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ નળ સરોવરમાં પણ આ નવા નિયમો, જેમાં લાઈફ જેકેટ, બોટમાં પ્રવાસીઓની મર્યાદિત ક્ષમતા અને પ્લાસ્ટિક પ્રતિબંધ જેવા મુદ્દાઓનું પાલન ફરજિયાત છે. તંત્રનું કહેવું છે કે નાવિકોએ સરકાર માન્ય, નવા નીતિ-નિયમો વાળી બોટો લાવવી પડશે.

સરકારના નીતિ-નિયમ વાળી નવી બોટની કિંમત અંદાજે રૂ.૮૦,૦૦૦ થી રૂ.૯૦,૦૦૦ જેટલી ઊંચી છે. તંત્ર દ્વારા નાવિક માલિકોને આ નવી બોટ ખરીદવા માટે લોન સહાય આપવાની પણ ખાતરી આપવામાં આવી છે. આમ છતાં, સ્થાનિક નાવિક માલિકો આટલી મોંઘી બોટ ખરીદવા તૈયાર નથી અને તેઓ પોતાની જૂની બોટો દ્વારા જ નૌકા વિહાર ચાલુ રાખવા માંગ કરી રહ્યા છે. બીજી તરફ, વન વિભાગ સુરક્ષાના કારણોસર જૂની બોટોને મંજૂરી આપવા બિલકુલ તૈયાર નથી.પક્ષીઓને નજીકથી જોયા વિના માત્ર કિનારેથી સરોવરની ઝલક જોઈને 'વીલા મોઢે' પાછા ફરવાનો વારો આવતા પ્રવાસીઓનો ઉત્સાહ ઓસરી ગયો છે નળ સરોવરની આસપાસના વેકરીયા,મેની, ધરજી રાણાગઢ સહિતના ૧૫ જેટલા ગામોના ૫૦૦થી વધુ પરિવારો મુખ્યત્વે આ પ્રવાસન પ્રવૃત્તિઓ પર નિર્ભર છે. આ ગામોના લોકો નાવિક તરીકે બોટિંગ સેવા આપીને, નાસ્તા-ખાદ્ય પદાર્થોના સ્ટોલ લગાવીને તેમજ ઘોડેસવારી જેવી સેવાઓ દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હતા.

બોટિંગ અને ઘોડેસવારી જેવી સેવાઓ બંધ થવાથી, આ પરિવારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે અને તેમની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. આ વિસ્તારની જમીન ક્ષારયુક્ત અને સિંચાઈ માટે અયોગ્ય હોવાથી, આ પરિવારોની આવકનો મુખ્ય આધાર શિયાળાની ૩-૪ મહિનાની પ્રવાસન સીઝન પર જ રહેલો છે.બોટિંગ બંધ થવાથી પર્યટકોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે, જેના પરિણામે વન વિભાગ અને રાજ્ય સરકારને પણ આવકમાં મોટું નુકસાન થઈ રહ્યું છે. પ્રવેશ ફી અને બોટિંગ ફી દ્વારા થતી આવક ઘટવાથી સરકારી તિજોરી પર પણ તેની નકારાત્મક અસર જોવા મળી રહી છે.

પર્યટકો, પક્ષી નિરીક્ષકો અને વન્યજીવ ફોટોગ્રાફરો દૂર-દૂરથી નળ સરોવરની મુલાકાતે આવે છે. પરંતુ બોટિંગ વિના તેઓ યાયાવર પક્ષીઓને નજીકથી જોઈ શકતા નથી. પ્રવાસીઓની માંગ છે કે સરકાર સુરક્ષાના પગલાં સાથે જલદીમાં જલદી બોટિંગ સેવાઓ ફરી શરૂ કરે, જેથી તેઓ આ અદ્ભૂત પક્ષી અભયારણ્યના સંપૂર્ણ અનુભવનો લાભ લઈ શકે.સ્થાનિકો અને પ્રવાસીઓ આશા રાખી રહ્યા છે કે વન વિભાગ અને સરકાર સકારાત્મક નિર્ણય લઈને દિવાળી વેકેશનની બાકીની અવધિમાં જ અથવા ટૂંક સમયમાં બોટિંગ પુનઃસ્થાપિત કરશે. જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરે અને પ્રવાસીઓમાં ફેલાયેલી નિરાશા દૂર થાય. હવે શિયાળાની ઋતુની શરૂઆત થશે ત્યારે જાન્યુઆરી ફેબ્રુઆરીમાં નળસરોવરમાં વિદેશી પક્ષીઓનું આગમન થશે. જેથી વિદેશી પક્ષીઓને જોવા ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં અને વિદેશી પ્રવાસીઓ પણ આવતા હોય છે. પક્ષીઓને જોવા માટે નૌકા વિહાર જરૂરી છે, તો જ નજીકથી પક્ષીઓ નિહાળી શકાય. નળસરોવરમાં આવેલા અલગ અલગ બેટો પર જઈ શકાય છે. પરંતુ બોટ વિહાર જ બંધ હોવાથી અહીંયા લાખોની સંખ્યામાં આવતા પ્રવાસીઓ નિરાશ થઈ પાછા ફરતા હોય છે.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**